dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-08 | Issue-177 | AD-2025, Chaitra Sud-04 | Wednesday, Dt.02-04-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## તમામ મૃતકો મધ્યપ્રદેશના રહેવાસી, હજુ બે દિવસ પહેલા મજૂરી કામ અર્થે આવ્યા હતા ને મોત મળ્યુ

# ડીસામાં ગેરકાયદે ફટાકડાની ફેક્ટરીમાં પ્રચંડ વિસ્ફોટ : ૨૧ શ્રમિકો ભડથુ

ડીસા,તા.૦૧

ડીસામાં ઢુંવા રોડ પર આવેલી ગેરકાયદે ફટાકડાની ફેક્ટરી અને ગોડાઉનમાં ભીષણ આગ ફાટી નીકળતાં ૨૧ મજૂરનાં મોત થયાં છે. મૃતકોમાં ચારથી પાંચ કિશોરનો પણ સમાવેશ થાય છે. ઘટનાને પગલે ફેક્ટરી-માલિક ફરાર થઇ ગયો છે અને મજૂરોની ઓળખ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. બનાવને પગલે વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી દોડી આવ્યા હતા અને તેમણે આ ઘટનાને માફ કરી શકાય એવી નથી, એમ જણાવ્યું હતું.ફેક્ટરીમાં બ્લાસ્ટ અને આગની ઘટનામાં તમામ મૃતકો મધ્યપ્રદેશના રહેવાસી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ મજૂરો બે દિવસ પહેલાં જ અહીં મજૂરીકામ માટે આવ્યા હતા અને ફટાકડા બનાવવાનું કામ કરતા હતા. આ દરમિયાન બ્લાસ્ટ થતાં તેમનાં મોત નીપજ્યાં છે. હાલ મૃતકોની ઓળખ માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.પ્રાથમિક માહિતી મુજબ, ફટાકડા બનાવવાના દારૂગોળામાં પ્રચંડ વિસ્ફોટ થતાં આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે બાજુમાં



આવેલું ગોડાઉન ધરાશાયી થતાં ૨૦૦ મીટર દૂર સુધી કાટમાળ ફેલાયો હતો, જ્યારે મજૂરોનાં માનવઅંગો પણ દૂર-દૂર સુધી ફેંકાયાં હતા. આ ઘટનાની જાણ થતાં ડીસા નગરપાલિકાનાં ફાયર ફાઈટરો અને ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયાં હતાં. હાલ SDRFની ટીમે પણ ઘટનાસ્થળે પહોંચી રેસ્ક્યૂની કામગીરી હાથ ધરી છે. FSL™e ટીમ દ્વારા પણ વિસ્ફોટ અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.મળતી માહિતી મુજબ, દીપક ટેડર્સ નામની ફેક્ટરીમાં ફટાકડા બનાવવામાં આવી રહ્યા હતા. આ કંપની ખૂબચંદ સિંધી નામની વ્યક્તિની છે. આ ફટાકડાની એજન્સીમાં તેઓ વિસ્ફોટક પદાર્થ લાવીને ફટાકડા બનાવતા હતા, જોકે માલિકે માત્ર ફટાકડા વેચાણ માટેની જ પરમિશન લીધેલી છે, ફટાકડા બનાવવા માટેની નહિ, જેથી સ્થાનિક પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા આ અંગે વધુ તપાસ ચલાવવામાં આવી રહી છે. આ ઘટનામાં કેટલા મજૂરો હાજર હતા અને કેટલા મજૂરો સુરક્ષિત છે એ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી પ્રાપ્ત થઈ નથી, પરંતુ ૧૮ મજૂરની લાશ બહાર કાઢવામાં આવી છે, જ્યારે પાંચ જેટલા ઈજાગ્રસ્ત મજૂરને ડીસા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયા છે. ડીસાના ધારાસભ્ય પ્રવીણ માળી, ડીસા નાયબ કલેક્ટર નેહા પંચાલ, ડીસા ડી.વાય.એસ.પી. સી.એલ. સોલંકી, મામલતદાર વિપુલ બારોટ સહિત તંત્રના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

### ઘટનાની તપાસ કરવા સીટની રચના કરાઈ

ડીસામાં ગેરકાયદે ફટાકડા બનાવતી ફેક્ટરીમાં વિસ્ફોટ થતા રાજ્ય સરકાર દ્વારા આ ઘટનાની તપાસ કરવા સીટની રચના કરવામાં આવી છે. જેમાં સી.એલ.સોલંકી (DySP ડીસા)-તપાસ અધિકારી,વી.જી. પ્રજાપતિ (પીઆઇ),એ.જી. રબારી (પીઆઇ), એસ.બી.રાજગોર (PSI, LCB, ) એન.વી. રહેવર (PSI) સહિતના અધિકારીઓને સીટમાં સામેલ કરવામાં આવ્યા છે.

### જવાબદારો સામે કડક કાર્યવાહી કરાશે : ઋષિકેશ પટેલ

૧૮ શ્રમિકોના મોતના બનાવ અંગે મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૪માં આ વેપારીના ફટાકડા રાખવા માટેના લાઇસન્સની મુદત પૂર્ણ થતાં તેણે રિન્યૂ માટેની અરજી કરી હતી, પરંતુ સ્થાનિક તંત્રએ તપાસ કરતાં ત્યાં સેફ્ટીનાં સાધનો ન હોવાને કારણે અરજી ના મંજૂર કરવામાં આવી હતી. એટલું જ નહીં, ગત ૧૨ માર્ચના રોજ પણ સ્થાનિક તંત્ર દ્વારા વેપારીના ગોડાઉન પર જઇ તપાસ કરવામાં આવી હતી અને તેની વીડિયોગ્રાફી પણ કરવામાં આવી હતી. આ દરમિયાન ત્યાં ફટાકડાનો કોઇ જ જથ્થો ન હતો. ફટાકડાનો જથ્થો ત્યાર બાદ રાખવામાં આવ્યો હોઇ શકે. આ મામલે પોલીસે હાલ બે લોકોની અટકાયત કરી છે. જવાબદાર લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

### મજૂરોના માનવઅંગો દૂર સુધી ફેંકાયા

મજૂરો ફટાકડા બનાવી રહ્યા હતા ત્યારે અચાનક વિસ્ફોટ થતાં મજૂરોનાં માનવઅંગો પણ દૂર દૂર સુધી ફેંકાયાં હતાં. બાજુના ખેતરમાંથી પણ માંસના લોચા મળ્યા હતા. ઘટનાસ્થળે ભારે અફરાતફરી મચી ગઈ હતી. ફાયર વિભાગના કર્મચારીઓ ભારે જહેમત બાદ આગને કાબૂમાં લઇ લીધી છે, જોકે આગની ભયાનકતાને કારણે હજુ પણ મોતનો આંકડો વધવાની શક્યતા છે.

### વેપારીએ ડીસામાં જ ફટાકડા બનાવવાની શરૂઆત કરી હતી

ખૂબચંદ સિંધી ફટાકડાનો હોલસેલનો વેપારી છે. તે તામિલાનાડુમાં શિવાકાશીની ફેક્ટરીઓમાં પોતાના માટે કાર્ગોકિંગ, દીપક, આંધીતૂફાન, ડિજિટલ સ્કાય, ડાયમંડ સહિત વિવિધ બ્રાન્ડથી જુદા જુદા ફટાકડા બનાવડાવતા હતા, પરંતુ હવે તેણે ડીસામાં જ ફટાકડા બનાવવાની શરૂઆત કરી હતી.






# વકફ સુધારા બિલ આજે લોકસભામાં રજૂ થશે, બિલને લઈ રાજકારણ ગરમાયું

નવીદિલ્હી,તા.૦૧

છેલ્લા કેટલાક દિવસથી ચર્ચામાં રહેલ વકફ સુધારા બિલ આવતીકાલ તા.૨ એપ્રિલના રોજ લોકસભામાં રજુ કરવામાં આવશે.આ બિલ પર ૬-૮ કલાક ચર્ચા કરવામાં આવશે.આ બિલને લઈને રાજનીતિ ગરમાઈ ગઇ છે. જેપીસીમાં ચર્ચા બાદ વકફ સુધારા બિલ આવતીકાલે એટલે કે ૨ એપ્રિલે સંસદમાં રજૂ કરવામાં આવશે. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ આજે આ બિલ અંગે ભાજપના લોકસભાના વ્હીપ્સ સાથે બેઠક યોજી છે. તે જ સમયે, આ બિલ મંજૂર થાય તે પહેલાં રાજકારણ ગરમાયું છે. વકફ સુધારા બિલ પર, એનડીએના સાથી પક્ષ જદયુએ સ્પષ્ટપણે કહ્યું છે કે તે વકફ સુધારા બિલ પર સંસદમાં




વલણ અપનાવશે, આનાથી બિલને મંજૂરી આપવામાં મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે. કેન્દ્રીય મંત્રી સુરેશ ગોપીએ કહ્યું, ''વિપક્ષ પાસે વિરોધ સિવાય બીજું કોઈ કામ નથી. અમે દેશ અને નાગરિકોના ફાયદા માટે બધું કરીશું.'' સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે કહ્યું, 'ભાજપનો ઈતિહાસ એવા નિર્ણયોથી ભરેલો છે જેના પરિણામો ભાજપ ઈચ્છતો હતો તે મળ્યા નથી.' ભાજપનો દરેક નિર્ણય મત માટે છે. સમાજવાદી પાર્ટી વકફ બિલની વિરુદ્ધ છે.તેઓ (ભાજપ) સંપૂર્ણ નિયંત્રણ ઈચ્છે છે. આ દેશે એવો સમય પણ જોયો છે.






# દિલ્હીમાં પીએમ મોદી અને ચિલીના રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરિક વચ્ચે મહત્વના મુદ્દાઓ પર ચર્ચા

નવીદિલ્હી,તા.૦૧



ચિલીના રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરિક ભારત મુલાકાતેઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે ચિલીના રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરિક ફોન્ટ સાથે મુલાકાત કરી છે. ચિલીના રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરિક પાંચ દિવસની ભારત મુલાકાતે છે. રાષ્ટ્રપતિ ગેબ્રિયલ સાથે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ છે જેમાં મંત્રીઓ, સંસદસભ્યો, વેપાર સંગઠનો અને ભારત-ચીલી સાંસ્કૃતિક સંબંધો સાથે સંકળાયેલા અગ્રણી વ્યક્તિઓનો સમાવેશ થાય છે. રાષ્ટ્રપતિ તરીકે બોરિકની આ પહેલી ભારત મુલાકાત છે.પીએમ મોદી પહેલા, વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકરે દિલ્હીમાં ચિલીના રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરિકને મળ્યા હતા. દરમિયાન, વિદેશ મંત્રીએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને કહ્યું, ''ભારતની તેમની રાજકીય મુલાકાતની શરૂઆતમાં ચિલીના રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરિકને મળીને આનંદ થયો.'' હું આપણા લાંબા ગાળાના સહયોગને વધુ ગાઢ બનાવવાની તેમની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરું છું. મને વિશ્વાસ છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથેની તેમની વાતચીત નવી ભાગીદારી અને વધુ જોડાણ તરફ દોરી જશે.













સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
બુધવાર, તા.૦૨-૦૪-૨૦૨૫

# અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીનાં માર્ગદર્શન હેઠળ મંડલ પ્રમુખોની બેઠક યોજાઈ



અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે પ્રદેશ ભાજપની સુચના મુજબ જિલ્લા ભાજપના પ્રમુખ અતુલભાઈ કાનાણીના માર્ગદર્શન હેઠળ જિલ્લાના વિવિધ મંડલ પ્રમુખોની બેઠક યોજાઈ હતી. જેમાં આગામી સમયમાં પાર્ટીના વિવિધ સંગઠનાત્મક કાર્યક્રમો અને પાર્ટીના ૬ એપ્રિલના સ્થાપના દિવસે જિલ્લામાં મોટા પાયે વિવિધ કાર્યક્રમો ઉજવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. વન નેશન વન ઈલેક્શન, રામનવમી અને ૧૪મી એપ્રિલ સહિતના વિવિધ કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવી હતી. અમરેલી જિલ્લા ભાજપના પ્રમુખ અતુલભાઈ કાનાણીએ દરેક ઘર સુધી કમળ લહેરાય તેવું આહ્વાન કર્યું હતું. ૧૪મી એપ્રિલના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે અમરેલી જિલ્લા ભાજપ દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ બેઠકમાં જિલ્લા ભાજપના મહામંત્રી ભૂપેન્દ્રભાઈ બસીયા, મેહુલભાઈ ધોરાજીયા અને પુનાભાઈ ગજેરા, સહ ઈન્ચાર્જ મુકુંદભાઈ મહેતા અને દરેક તાલુકા અને શહેરના મંડલ પ્રમુખો હાજર રહ્યા હતા.

# લીલીયા પંથકમાંથી ખનીજચોરી થતી હોવાની વિપુલ દુધાતને રજૂઆત

**સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત કરી હોવા છતાં પરીણામ શૂન્ય**

અમરેલી,તા.૦૧

સાવરકુંડલાથી રંઘોળા રોડ પર એજન્સી દ્વારા ખનીજ ચોરી કરવા બાબતની રજૂઆત અંગે ગુંદરણના કોંગ્રેસ અગ્રણી અલ્પેશભાઈ સોલંકી દ્વારા જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાતને પત્ર પાઠવી માંગ કરવામાં આવેલ છે કે સાવરકુંડલા - રંઘોળા રોડ બનાવવામાં આવી રહ્યો છે, જેમાં લીલીયા તાલુકાના ક્રાંકચ, ભોરીંગડા, બવાડી, અને બવાડા ગામના ગૌચર સરકારી પડતરમાં આવેલા ડુંગર ખોદી મોરમ ઉપાડીને ખનીજ ચોરી કરવામાં આવી રહી છે. જે બાબતની તાલુકા સ્વાગત અને જીલ્લા સ્વાગત કાર્યક્રમ અંતર્ગત ફરિયાદ



કરવામાં આવેલ હતી તેમ છતાં તંત્ર દ્વારા આજદિન સુધી આ અંગે કોઈ ઘટિત કાર્યવાહી કરવામાં આવેલ નથી. જેથી આ પ્રશ્રે આપની કક્ષાએથી યોગ્ય ઘટિત કાર્યવાહી કરવા બાબત કોંગ્રેસ અગ્રણી અલ્પેશભાઈ સોલંકી દ્વારા જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાતને પત્ર પાઠવી રજૂઆત કરી હતી.

# અમરેલીમાં યુવતીએ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાધો

**અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.બી. મારૂએ વધુ તપાસ હાથ ધરી**

અમરેલી, તા.૦૧

અમરેલીમાં રહેતી એક યુવતીએ કોઈ અગમ્ય કારણોસર દોરી વડે સ્લેબના હુકમાં ગળાફાંસો ખાઈ જતા મરણ પામી હતી. રમેશભાઈ બચુભાઈ સોલંકી (ઉ.વ.૫૩) એ જાહેર કર્યા મુજબ, રીનાબેન રમેશભાઈ સોલંકી (ઉ.વ.૨૨) એ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લીધો હતો. જેના કારણે તેનું મોત થયું હતું. યુવતીના મોતના પગલે પરિવારજનોમાં રોકકળ મચી ગઈ હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.બી. મારૂ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી શહેરમાં RSS દ્વારા સજ્જનશક્તિ પ્રબોધન કાર્યક્રમ યોજાયો

રાજુલા, તા.૦૧

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) અમરેલી જિલ્લા દ્વારા શહેરની સનફ્લાવર સ્કૂલ ખાતે તા. ૨૯-૦૩-૨૦૨૫ ના રોજ 'સજ્જનશક્તિ પ્રબોધન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં RSS ના અખિલ ભારતીય બૌદ્ધિક પ્રમુખ સુનિલભાઈ મહેતાએ અમરેલીના વિવિધ સામાજિક ક્ષેત્રના અગ્રણીઓ સાથે સંવાદ સાધ્યો હતો. સુનિલભાઈ મહેતાએ RSS ના કાર્યની માહિતી આપી હતી અને સમાજના સજ્જન લોકો એક લક્ષ્ય સાથે એક દિશામાં વિચારે તો સમાજ અને રાષ્ટ્ર માટે એક શક્તિ બની શકે છે તેમ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં સમાજના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



# રાજુલા તાલુકાના ખારી ગામે કુવો ગાળવાની ટ્રોલીમાંથી પડી જતાં મોત

**મૂળ રાજસ્થાનનાં મજૂર પરીવારમાં મોત થતાં શોક**

રાજુલા, તા. ૦૧

મૂળ રાજસ્થાનના ટાડગઢના અને હાલ રાજુલામાં ખારી ગામે વલ્કુભાઈ એભલભાઈ શીઢાની વાડીએ રહેતા પ્રેમીબેન મદનસિંહ રાવત (ઉ.વ.૨૫)એ જાહેર કર્યા મુજબ, મદનસિંઘ હીરાસિંઘ રાવત (ઉ.વ.૩૦) એ કુવો ગાળવા ટ્રોલીમાં બેસી કુવામાં નીચે ઉતરતા હતા. તે વખતે ટ્રોલીનુ સંતુલન બગડતા ટ્રોલીમાંથી નીચે પડી જતા મોતને ભેટ્યા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પારસભાઈ વિઠ્ઠલભાઈ પંડ્યા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના ડૉ. હાર્દિક જોશીની વિશ્વ સંસ્કૃત સંમેલનમાં પસંદગી, ગુજરાતનું ગૌરવ વધાર્યું



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા, તા.૦૧

રાજુલા તાલુકાના કાતર ગામના વતની અને બાબરા વિનયન અને વાણિજ્ય કોલેજના પ્રોફેસર ડૉ. હાર્દિકકુમાર ગીરજાશંકર જોશીની ઓરિસ્સાના જગન્નાથપુરી ખાતે યોજાનાર વિશ્વ સંસ્કૃત સંમેલનમાં સમગ્ર ગુજરાત રાજ્યના પ્રતિનિધિ તરીકે પસંદગી થતા સમગ્ર બ્રહ્મ સમાજમાં ગૌરવની લાગણી પ્રસરી છે. આ સંમેલનનું આયોજન લોક ભાષા પ્રચાર સમિતિ ભારત દ્વારા તારીખ ૨૯, ૩૦ અને ૩૧ માર્ચ ૨૦૨૫ના રોજ જગન્નાથપુરી, ઓરિસ્સા ખાતે કરવામાં આવ્યું હતું. સંસ્કૃત વિષયમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. હાર્દિકકુમાર જોશીને સમગ્ર ગુજરાત રાજ્યના પ્રતિનિધિ (રિસોર્સ પર્સન) તરીકે નિમંત્રણ પ્રાપ્ત થયું હતું. જેમાં તેઓ આંતરરાષ્ટ્રીય કક્ષાએ સમગ્ર ભારત દેશનું પ્રતિનિધિત્વ કરશે.

# સાવરકુંડલામાં ટ્રાન્સફોર્મરમાં આગ લાગી, કોઈ જાનહાની નહી


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૦૧

સાવરકુંડલાના મહુવા રોડ, ભાવના ટ્રેડર્સ પાસે આવેલ ટ્રાન્સફોર્મરમાં અચાનક આગ લાગતા આગની આસપાસના લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. તાત્કાલિક આ બાબતે નગરપાલિકાને જાણ કરતા પ્રમુખ તથા ફાયર બ્રિગેડનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે આવી આગને કાબૂમાં લીધી હતી. સદનસીબે જાનહાની ટળી હતી.

# લીલીયાના સલડી વિસ્તારમાં સિંહો માટે પાણીની વ્યવસ્થા કરવા માંગ

અમરેલી,તા.૦૧

લીલીયા તાલુકાના સલડી વિસ્તારમાં સિંહો માટે પાણીની વ્યવસ્થા કરવા યુવા ભાજપ આગેવાન અને સોશિયલ એક્ટિવિસ્ટ ધર્મેશ દેસાઈએ લીલીયા વન વિભાગને પત્ર પાઠવ્યો છે. પત્રમાં તેમણે જણાવ્યું છે કે સલડી ગામના તળાવ અને આસપાસના વિસ્તારમાં સિંહોનો વસવાટ છે. આ વિસ્તારમાં અન્ય જંગલી પ્રાણીઓની સંખ્યા પણ વધારે હોવાથી સિંહોને ખોરાક મળી રહે છે.હાલમાં સલડીના તળાવમાં પાણી સુકાઈ ગયું હોવાથી સિંહો પાણી પીવા માટે નજીકના ખેતરોમાં જાય છે. સિંહ એ શેડ્યુલ ૧ હેઠળ આવતું પ્રાણી છે, તેથી તેનું સંરક્ષણ કરવું આપણી ફરજ છે. ધર્મેશ દેસાઈએ વધુમાં માંગણી કરી છે કે હોટસ્પોટ વિસ્તારોમાં સિંહો માટે પાણીની વ્યવસ્થા કરવામાં આવે. આનાથી સિંહો અને માનવી વચ્ચેના સંઘર્ષને ટાળી શકાશે તેમ અંતમાં જણાવ્યું છે.

# રાજુલા તાલુકાનાં નિંગાળા-૧ ગામે વીજ કંપનીની તમામ બાકી રકમ ભરપાઈ કરી

અમરેલી, તા. ૦૧

રાજુલા તાલુકાના દરિયાકાંઠે વસેલા નિંગાળા-૧ ગામ તમામ આધુનિક સુવિધાઓથી સજ્જ ગામ બન્યું છે જેની ખૂબ નોંધ લેવાઈ હતી. અને હાલમાં પીજીવીસીએલનાં તમામ બાકી બિલો ભરી દેવાતા ફરી એક વખત ગ્રામજનોની કામગીરીને વખાણાઈ છે. આ ગામના સરપંચ હરસુરભાઈ લાખણોત્રાએ વીજ કંપનીના ડેપ્યુટી એન્જિનિયર બલાઈ સહિતના અધિકારીઓને સાથે રાખીને ગ્રામજનોને સમજણ આપતા તમામ ગ્રામજનોએ પોતાના બિલ ભરી દીધા છે અને હાલ ૩૧ માર્ચ પહેલા શૂન્ય ડેબિટ વાળું ગામ બન્યું છે. આ બાબતની જાણ ધારાસભ્ય હીરાભાઈ સોલંકીને થતા તેઓએ સરપંચ સહિત ગ્રામજનોને અભિનંદન આપ્યા હતા.

# અમરેલી નહેરુ યુવા કેન્દ્ર દ્વારા બગસરા ખાતે ખેલકૂદ સ્પર્ધાનું સફળ આયોજન



અમરેલી, તા.૦૧

નહેરુ યુવા કેન્દ્ર અમરેલી દ્વારા મેઘાણી હાઈસ્કૂલ, બગસરા ખાતે તાલુકા કક્ષાની ક્લસ્ટર સ્તરીય ખેલકૂદ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં યુવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. નહેરુ યુવા કેન્દ્રના ઓફિસ આસિસ્ટન્ટ પ્રવીણ જેઠવાએ યુવાનોને ખેલકુદ સ્પર્ધામાં જોડાવા માટે અપીલ કરી હતી તેમજ મેઘાણી હાઈસ્કૂલના આચાર્ય વિનોદભાઈ જેઠવાએ વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સાથે વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાઈને શાળાનું નામ રોશન કરવા જણાવ્યું હતું. આ સ્પર્ધામાં ભાઈઓ માટે કબડ્ડી, ૧૦૦ મીટર દોડ અને ૪૦૦ મીટર દોડ તેમજ બહેનો માટે ખોખો, ૧૦૦ મીટર દોડ અને લોંગ જમ્પ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. કબડ્ડી અને ખોખોની વિજેતા ટીમોને નહેરુ યુવા કેન્દ્ર તરફથી સ્પોર્ટ્સ કીટ આપવામાં આવી હતી. આ ઉપરાંત, પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થનાર ખેલાડીઓને ટ્રોફી અને પ્રમાણપત્રો એનાયત કરાયા હતા.







Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com


**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૫૭/૨૦૨૪ તા.૨૪/૦૩/૨૦૨૫

અરજદારશ્રીઃ- .. ૧. અરવિંદભાઈ દેવશીભાઈ ધોળકીયા
રહે. ફીફાદ તા.સાવરકુંડલા

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ-........ ૧.તલાટી કમ મંત્રીશ્રી ફીફાદ, તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી **ધોળકીયા હેતલ અરવિંદભાઈનો જન્મ તા.૧૭/૦૭/૨૦૧૨** ના રોજ મુ. ફીફાદ, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૨/૦૪/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**


મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ



મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# લાઠી નજીક ગાગડીયા નદીના પુલ પાસે સિંહને લાકડી ઉગામતો વીડિયો વાયરલ

**વીડિયો વાયરલ થતા વનવિભાગે તપાસ શરૂ કરી, લાકડી ઉગામનાર શખ્સની શોધખોળ**

અમરેલી,તા.૦૧

અમરેલી જિલ્લામાં સિંહોની સંખ્યા વધારે હોવાથી લાયન શોની ઘટનાઓ વારંવાર બનવા પામે છે તો સિંહોની પજવણીના કિસ્સાઓમાં પણ ભુતકાળમાં અનેકવાર બન્યા છે ત્યારે ફરી એકવાર શેત્રુંજી ડિવિઝનના તાબામાં સિંહને લાકડી ઉગામતો વીડિયો વાયરલ થતા વનવિભાગમાં દોડધામ મચી ગઈ છે. તાજેતરમાં જ એક સિંહ શખ્સની પાસે આવતો હોય ત્યારે સાવ નજીકથી આ શખ્સ સિંહ સામે લાકડી ઉગામે છે. આ વીડિયો બાબતે શેત્રુંજી ડિવિઝનના ડીએફઓ જયન પટેલે જણાવ્યું હતું કે, આ વિડીયો અંટાળીયા,



લુવારીયા બાજુનો ગાગડીયો નદીના પુલ પાસેનો હોવાનુ લાગી રહ્યુ છે. જો કે આની તપાસ એસીએફ અને આરએફઓ કરી રહ્યાં છે. આરએફઓ ગલાણીએ જણાવ્યું હતું કે, આ વીડિયો ઈન્સ્ટાગ્રામમાં અપલોડ કરવામાં આવ્યો હતો. સિંહ સામે લાકડી ઉગામનાર શખ્સની શોધખોળ શરૂ કરવામાં આવી છે. આમ, સિંહ સામે લાકડી ઉગામવાની ઘટના સામે આવતા સિંહપ્રેમીઓમાં ભારે રોષ ફેલાયો છે.

# બગસરામાં સરકારી જમીન પર થયેલુ દબાણ દૂર કરતુ તંત્ર

બગસરા, તા.૦૧

બગસરામાં ફરી એકવાર સરકારી જમીન પર દબાણ કરનારાઓ સામે પાલિકા અને પોલીસે કડક કામગીરી હાથ ધરતા દબાણકારોમાં ફફડાટ ફેલાયો છે. બગસરા શહેરમાં સરકારી જમીન પર અનેક સ્થળોએ ગેરકાયદે દબાણ કરવામાં આવ્યુ હોવાનું નગરપાલિકાને ધ્યાને આવતા તેમણે દબાણ દૂર કરવાની



કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં અમરેલી રોડ પર નાયરા પંપ સામે આવેલ સરકારી જમીન પર બનેલુ ગેરકાયદે દબાણને દૂર કરવામાં આવ્યું હતુ અને પ્લોટને ખુલ્લો કરવામાં આવ્યો હતો ત્યારબાદ મુંજીયાસર રોડ પર આવેલી એક હોટલ પર પણ પાલિકા દ્વારા બુલડોઝર ફેરવવામાં આવ્યું હતુ. આ કામગીરીમાં બગસરા પીઆઈ સાળુકે, ચીફ ઓફિસર સહિતનો સ્ટાફ હાજર રહ્યો હતો. તંત્ર દ્વારા હજુ પણ આ કામગીરી ચાલુ રાખવામાં આવશે તેમ જણાવવામાં આવતા દબાણકારોમાં ફફડાટ ફેલાયો છે.

# ગાધકડા ખાતે આશાપુરા મંદિરે હવનનું આયોજન કરાયું

સાવરકુંડલા, તા.૦૧



તસવીર : સૌરભ દોશી

ચૈત્ર નવરાત્રીના પાવન અવસરે, ગાધકડામાં બિરાજમાન આશાપુરા માઁના મંદિરે ભક્તિનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. દર વર્ષની જેમ, આ વર્ષે પણ ભક્તોએ માઁની કૃપા પ્રાપ્ત કરવા માટે હવનનું આયોજન કર્યું હતું. આ ધાર્મિક પ્રસંગમાં, સાવરકુંડલા, મહુવા, સુરત, બોમ્બે અને પાલીતાણા જેવા દૂર-દૂરના સ્થળોએથી ભક્તો ખાસ હાજરી આપવા માટે ઉમટી પડ્યા હતા. ભક્તોએ માઁના આશીર્વાદ મેળવીને ધન્યતા અનુભવી હતી. રમેશભાઈ ધામી પરિવારે ભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરી હતી.

# સાવરકુંડલા શહેરમાં રામનવમી મહોત્સવની તૈયારીઓ શરૂ : હનુમાનચાલીસાનાં પાઠ યોજાયા

સાવરકુંડલા, તા.૦૧

સાવરકુંડલામાં શ્રી રામ જન્મોત્સવ સમિતિ દ્વારા ધાર્મિકભાવ સાથે હનુમાન ચાલીસાના ભવ્ય પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નગરજનોએ મોટી સંખ્યામાં સહભાગી થયા હતા. ભક્તોએ સહપરિવાર અને મિત્રો સાથે મળીને હનુમાન ચાલીસાનું ગાન કર્યું હતું અને હનુમાનજીની આરાધના કરીને ધન્યતા અનુભવી હતી. આગામી રામનવમીના પવિત્ર દિવસે સાવરકુંડલા નગરમાં ભવ્ય



શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શોભાયાત્રામાં ભગવાન શ્રી રામના જીવનની ઝાંખી દર્શાવતા વિવિધ ફ્લોટ્સ, વિવિધ સમાજોના ફ્લોટ્સ, રજવાડી રથ, ડી.જે, ભજન મંડળીઓ અને ઢોલ-નગારાના તાલે ભક્તો રામ ભક્તિમાં લીન થતા જોવા મળશે. શોભાયાત્રા દરમિયાન વિવિધ સ્થળોએ શરબત, છાશ અને પ્રસાદનું વિતરણ કરવામાં આવશે. આ શોભાયાત્રા સનાતન આશ્રમ, જેસર રોડથી બપોરે ૨:૦૦ કલાકે પ્રસ્થાન થઈને શહેરના મુખ્ય માર્ગો પર ફરીને રામજી મંદિર, જીજુડા ગેટ ખાતે પૂર્ણ થશે.

# અમરેલી હનુમાનપરા યુવક મંડળ દ્વારા મામાદેવનાં માંડવાનું આયોજન કરાયું

અમરેલી, તા.૦૧


અમરેલી હનુમાનપરા રેલવે ફાટક પાસે આવેલ મામાદેવનાં મંદિરે હનુમાનપરા યુવક મંડળ દ્વારા તા.૩૧/૩નાં રોજ મામાદેવનાં માંડવાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બપોરે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે મનિષભાઈ ધરજીયા, નવીનભાઈ વણજારા, દિલીપભાઈ રાણાવાડીયા ઉપસ્થિત રહ્યાં હતા. જેમાં ખાનાપતિ મહંત ઉદયગીરી બાપુ, દવે દાદા, ગોરદાદા ધીરજલાલ જોષી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ માંડવામાં રાવળદેવ નાગજીભાઈ નીંગાળાવાળા, મામાશ્રીનાં અને માતાજીનાં ભુવાઓ તેમજ ગ્રામજનો ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. આ માંડવામાં પ્રવિણભાઈ, વિમલ કે.મકવાણા, ઘનશ્યામભાઈ, દિલાભાઈ ભાલાળા, શૈલેષભાઈ, પંચમુખી ધૂન મંડળ-હનુમાનપરા, પરેશભાઈ કાબરીયા, જગદીશભાઈ ગોહિલ, નીતીનભાઈ સરવૈયા, શૈલેષભાઈ દવે, દિપકભાઈ બાંભરોલીયા, દિલીપભાઈ રંગપરા, કૌશિક મકવાણા વગેરેએ સહયોગ આપ્યો હતો.

# અમરેલી શહેરમાં વીર સાવરકર સાયકલ સ્ટોરના ગોડાઉનમાં આગ

અમરેલી,તા.૦૧

અમરેલી શહેરના હવેલી ચોક ખાતે વીર સાવરકર સાયકલ સ્ટોરના ગોડાઉનમાં અચાનક આગ લાગવાની ઘટના બની હતી. તાત્કાલિક આ ઘટનાની જાણ અમરેલી ફાયર કંટ્રોલરૂમ ખાતે કરતાં



ફાયર ઓફિસર એચ. સી.ગઢવીની આગેવાની હેઠળ અમરેલી ફાયર ઈમરજન્સી સર્વિસની ટીમ દ્વારા એક ફાયર ટેન્કર સાથે તુરંત ઘટના સ્થળ પર પહોંચી આગ પર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવેલ હતા. જોકે સદનસીબે કોઈ જાનહાની ન થતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

**ફાયર ફાઈટરની ટીમે આગ પર કાબુ મેળવ્યો, કોઈ જાનહાનિ નહી**

# સાવરકુંડલામાં ગાય માટે પાણીની અવેડી તેમજ પક્ષીઓ માટે પાણીના પીવાના કુંડાનું વિતરણ કરાયું

સાવરકુંડલા, તા.૦૧

શ્રી સમર્પણ ગૌસેવા સમિતિ ટ્રસ્ટ જેસર રોડ સાવરકુંડલા દ્વારા દાતાઓના સહયોગથી ગાયો માટે પાણીની અવેડી તેમજ પક્ષીઓ માટે પાણીના પીવાના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં સાવરકુંડલાની જનતાએ બોહોળી સંખ્યામાં ભાગ લીધો આ કાર્યક્રમના દાતા



માતૃશ્રી વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરિવાર ફાઉન્ડેશન સાવરકુંડલા વાળા હાલ મુંબઈ તરફથી પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી મસાભગત નાના ઝીંઝુડા- રામ ભગત ધના બાપુનો આશ્રમ તેમજ સંતો મહંતો તથા રાજકીય સામાજિક ધાર્મિક આગેવાનો તેમજ જીવદયા પ્રેમીઓ હાજર રહ્યા હતા. સમિતિ તરફથી દાતાઓનો આભાર વ્યક્ત કરાયો હતો.

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૯/૨૦૨૪ તા.૦૧/૦૪/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧. ચુડાસમા ધીરૂભાઈ શંભુભાઈ

રહે. ઘોબા તા.સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-........ ૧.તલાટી કમ મંત્રીશ્રી ઘોબા, તા. સાવરકુંડલા જી. અમરેલી. તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર **ચુડાસમા ભાવેશકુમાર ધીરૂભાઈનો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૨** ના રોજ મુ. ઘોબા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૩૦/૦૪/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# સાવરકુંડલાની શિવાજી ગૌશાળામાં ગાય માતાને ફ્રુટ ખવડાવવામાં આવ્યું

સાવરકુંડલા, તા.૦૧

૩૦ માર્ચ ૨૦૨૫ રવિવારના રોજ ચૈત્ર સુદી એકમના શુભ દિવસે નીલાબેન પ્રભુદાસ દોશી, રેખાબેન સૂર્યકાંતભાઈ દોશી પરિવારજનો તરફથી શિવાજીનગર ગૌશાળામાં ગાય માતાને ફ્રુટ ખવડાવવામાં આવ્યું હતું. જેમાં કલીંગર, શેરડી,ચીકુ આપવામાં આવ્યા હતા. અને શિવાજી ગૌશાળા તરફથી દોશી પરિવારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# અવસાન નોંધ

**ગારીયાધાર**

જ.અલારખમીયા બચુમીયા કાદરીના વાલીદ બચુબાપુ(ફુટવાળા) કાદરી તા.૩૧/૩ને સોમવારે અલ્લાહની રહેમતમાં પહોંચી ગયેલ છે. તેમની જીયારત તા.૨/૪ને બુધવારે સવારે ૯.૩૦ કલાકે મર્દો માટે મફતપરા મસ્જિદમાં, ઔરતો માટે તેમના નિવાસસ્થાને રાખેલ છે. તે ઈમરાનભાઈ, અલ્તાફભાઈના વાલીદ, મમદભાઈ, અબ્બાસભાઈ, મુન્નાફભાઈ (સિહોર)ના બનેવી થાય.

**તળાજા**

બારૈયા લાભુબેન ભુપતભાઇ (ઉ.વ.૬૬) તા.૩૧/૩ને સોમવારે રામચરણ પામેલ છે. તે સ્વ.ભુપતભાઈ જેરામભાઈ બારૈયાના પત્ની, નટુભાઈ જેરામભાઈ બારૈયાના નાનાભાઈના પત્ની, રમેશભાઈ, ઈશ્વરભાઈ, સ્વ. ધનસુખભાઈ, અરવિંદભાઈ, મકાભાઈ દુદાભાઈના ભાભી. મુકેશભાઈ. લાલજીભાઈ, હરેશભાઈ, પાયલબેનના માતા, મહેશકુમાર ગોહિલ (ભાવનગર)ના સાસુ, સરતાનપર નિવાસી ફાંફાભાઈ રવજીભાઈ ભીલ, તુલસીભાઇના બહેન, સવજીભાઈ મગનભાઈ બારૈયા, ચંદુભાઈ છગનભાઈ બારૈયાના નાનાભાઈના પત્ની થાય. તેમની સાદડી તા.૩/૪ને ગુરૂવારે રાખેલ છે. ઉત્તરક્રિયા તા.૮/૪ને મંગળવારે તળપદા કોળી સમાજની વાડી, તળાવમાં, તળાજા રાખેલ છે.





નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર M.D. (Skin & VD) ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

**તંત્રી લેખ**

# મરહુમ વ્યક્તિનું સન્માન કરો રાજકારણ નહી

સંઘ પરિવારના વરિષ્ઠ વ્યક્તિ ભૈયાજી જોશીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે મરહૂમ વ્યક્તિ બાબતમાં વ્યર્થ વાદ વિવાદ છોડો આ વર્તમાન સમયનો મુદ્દો નથી. છત્રપતિ શિવાજી મહારાજ પ્રખર હિન્દુવાદી હતા અને મોગલોના કટ્ટર વિરોધી હોવા છતાં દુશ્મન મૃત્યુ પામ્યો ત્યારે તેનો મકબરો બનાવવાની માંગ તેને જરાય આનાકાની કરી ન હતી. અફઝલખાન શિવાજી મહારાજના ખૂનનો પ્યાસો હતો અને શિવાજી મહારાજની હત્યા કરવા માટે તેણે આકાશ પાતાળ એક કર્યા હતા પરંતુ પોતાના કામ માટે તે નિષ્ફળ ગયો. તેણે અંતિમ શ્વાસ પણ મહારાષ્ટ્રમાં છોડ્યા આ સમયે શિવાજી મહારાજે તેના શરીરનો મલાજો જાળવી તેના દફન માટે જમીન પણ ફાળવી હતી અને તેના પર મકબરો પણ બનાવી હિંદુ ધર્મની પરંપર જાળવી હતી. કોઈપણ માનવી મૃત્યુ પામે છે પછી તેના ડેડ બોડીનું સન્માન જાળવવું જરૂરી છે કારણ કે પછી તે દુશ્મન રહેતો નથી. દોસ્ત રહેતો નથી. શિવાજી મહારાજે ઉદારતા રાખી દુશ્મનને સન્માનિત રીતે દો ગજ જમીન આપીને તેનો મકબરો પણ બનાવ્યો. આ છે હિન્દુ ધર્મના સનાતન સંસ્કાર. આ સનાતન મૂલ્યો વર્તમાન રાજકારણીઓ ભુલી ગયા છે. મરહૂમ વ્યક્તિને દુશ્મન માની શકાય નહીં. આથી જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા વર્તમાન રાજકારણીઓને ભારતીય સાંસ્કૃતિક મૂલ્યોનું ભાન કરાવ્યું. આર એસ એસના મહાસચિવ રહી ચૂકેલા ભૈયાજી જોશીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે વિજાપુર સલ્તનતના સેનાપતિ અફઝલખાનને પ્રતાપગઢ કિલ્લા પાસે જ દફનાવાયો હતો અને છત્રપતિ શિવાજી મહારાજએ તેને કબર બનાવવાની મંજૂરી આપી હતી. આ આપણા ધર્મની ઉદારતા છે આજે શિવાજી મહારાજ રોલ મોડલ છે તેની વિચારધારા સનાતનની છે અને તેઓ જે રીતે વિચારતા હતા તેની વિચારધારા સંકુચિત નહોતી કે તેઓ મૃત્યુ પામેલા માનવી પર રાજ કારણ કરે વર્તમાન રાજકારણીઓને ભૈયાજી જોશીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે ઔરંગઝેબની કબર વર્તમાન સમયનો મુદ્દો નથી આ વિશે બિનજરૂરી વિવાદ બંધ કરો. હિન્દુ ધર્મની સનાતન વિચારધારા પ્રમાણે કોઈપણ વ્યક્તિ જ્યારે મૃત્યુ પામે છે ત્યારે તે માત્ર પંચમહાભૂતનું શરીર રહી જાય છે તેનો કોઈ ધર્મ હોતો નથી તેનો કોઈ સંપ્રદાય હોતો નથી આથી મૃત્યુ પામેલા માણસનું સન્માન કરવું એ હિંદુ ધર્મની પરંપરા હોવાથી શિવાજી મહારાજ એ તેના કટર વિરોધીનો પણ મકબરો બનાવ્યો છે. આથી સંઘ પરિવાર માને છે કે ઔરંગઝેબનો મુદ્દો 'બિનજરૂરી' છે. જ્યાં મૃત્યુ થયું ત્યાં કબર છે. ભાજપના સાથી પક્ષો આ મુદ્દો ઉઠાવી રહ્યાં છે ત્યારે તેમની જ સંસ્થાએ મામલાને અપ્રાસંગિક ગણાવ્યો છે. મહારાષ્ટ્રના સંભાજી નગરમાં આવેલી મુઘલ બાદશાહ ઔરંગઝેબની કબર હટાવાનો મામલો વિવાદમાં છે. ત્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે મુઘલ સમ્રાટ ઔરંગઝેબની કબર દૂર કરવાની કેટલાક જમણેરી સંગઠનોની માંગને 'બિનજરૂરી' ગણાવી છે. નાગપુરમાં સંઘના વરિષ્ઠ નેતા સુરેશ ભૈયાજી જોશીએ સોમવારે કહ્યું, ઔરંગઝેબની કબરનો મુદ્દો બિનજરૂરી રીતે ઉઠાવવામાં આવ્યો છે. જો તેનું મૃત્યુ અહીં થયુ છે, તો તેની કબર પણ અહીં જ બનાવવામાં આવી છે. આપણી પાસે છત્રપતિ શિવાજી મહારાજનો આદર્શ (રોલ મોડેલ) છે. તેમણે અફઝલ ખાનનો મકબરો બનાવ્યો. તે ભારતની ઉદારતા અને સમાવેશકતાનું પ્રતીક છે. મકબરા રહેશે, જેને જવું હોય તે જશે. આ પહેલા પણ સંઘના પ્રવક્તા સુનિલ આંબેકરે કહ્યું હતું કે હાલ ઔરંગઝેબ પ્રાંસગિક નથી. વાસ્તવમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના પ્રમુખ રાજ ઠાકરેએ રવિવારે ઔરંગઝેબની કબર પર સાંપ્રદાયિક તણાવ ઉશ્કેરણીની નિંદા કરી હતી. તેમણે કહ્યું, ઐતિહાસિક તથ્યો માટે વોટ્સએપ પર વિશ્વાસ ન કરવો જોઈએ. ઔરંગઝેબ શિવાજી નામના વિચારને મારી નાખવા માગતો હતો, પરંતુ તે પોતે મહારાષ્ટ્રમાં મૃત્યુ પામ્યો. બીજાપુરના સેનાપતિ અફઝલખાનને પ્રતાપગઢ કિલ્લા પાસે દફનાવવામાં આવ્યો હતો અને છત્રપતિ શિવાજી મહારાજની પરવાનગી વિના આ શક્ય ન હતું. લોકોને ઈતિહાસના નામે માહોલ બગાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. કોમી સંઘર્ષ વધારવા માટે આ પ્રકારના મુદ્દાઓ ઉઠાવવામાં આવી રહ્યા છે.

# બગસરા શહેરમાં રામનવમીની ઉજવણીના ભાગરૂપે શહેરને શુસોભિત કરવામાં આવ્યું

અમરેલી,તા.૦૧



બગસરા શહેરના વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા તા. ૬ને રવિવારના રોજ શ્રીરામજન્મોત્સવ નિમિતે શ્રીરામચંદ્ર ભગવાનની ભવ્ય શોભાયાત્રાનુ આયોજન કરેલ છે. બગસરા શહેરના તમામ સનાતની હિન્દુ સમાજના સાથ સહકારથી શહેરને શણગારવામાં આવ્યુ છે. ગામની દુકાનો પર મંડપનો શણગાર કરવામાં આવ્યો છે. રામનવમીના દિવસે ભવ્ય શોભાયાત્રામાં સુંદર આકર્ષક શુશોભિત ટ્રેક્ટર પ્લોટ તેમજ રામચંદ્ર ભગવાનની મહાઆરતી તેમજ હનુમાન ચાલીસાના સમુહપાઠનું આયોજન કરેલ છે. આ શોભાયાત્રા આસોપાલવ સોસાયટીના શ્રી રામેશ્વર મહાદેવના મંદીરેથી બપોરના ૨:૩૦ થી પ્રસ્થાન કરી તિરુપતિ સોસાયટીમાંથી કુંકાવાવનાકા રોડ થઈ આપાગીગાના મંદીર પાસેથી વિજયચોકથી હોસ્પીટલ રોડ પરથી સરદાર ચોક થઈ પટેલવાડીએ જશે ત્યાં રામ ભગવાનની મહાઆરતી કરી સમૂહમા હનુમાન ચાલીસાના પાઠ કરી શોભાયાત્રાની પૂર્ણાહુતિ થશે.રામનવમીની હર્ષોલ્લાસથી ઉજવણી કરવા માટે હિન્દુ સમાજ દ્વારા તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. શહેરના મુખ્ય માર્ગ પર મંડપ નાખવામાં આવ્યા છે.

# અમરેલી કે.કે. પારેખ કોમર્સ કોલેજમાંથી વિદ્યાર્થીનો મોબાઈલ ચોરાતા ફરીયાદ

અમરેલી, તા.૦૧

અમરેલીમાં કે. કે. પારેખ કોમર્સ કોલેજમાં પરીક્ષા આપવા આવેલા વિદ્યાર્થીનો મોબાઈલ ફોન ચોરાયો હતો. બનાવ સંદર્ભે રવિભાઈ અશોકભાઈ માંગરોળીયા (ઉ.વ.૨૧)એ અજાણ્યો ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ કે. કે. પારેખ કોલેજ અમરેલી અરજદારને ટી.વાય. બી.બી.એ ની સેમ-૦૬ ની પરીક્ષા હોવાથી બ્લુ કલરનુ બેગ કોલેજ કેમ્પસમાં મુકી હતી. તેમાં તેમનો તથા તેના મિત્રનો મોબાઈલ મુક્યો હતો.

પરીક્ષા આપીને આવ્યા બાદ બેગ ચેક કરતાં તેમાં ફોન મળી આવ્યો નહોતો.

જેની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ દિનેશભાઈ વિનુભાઈ સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના સરંભડા ગામે મિત્રની હત્યા કરનાર આરોપીના ત્રણ દિવસના રીમાન્ડ મંજૂર

**પાણી ભરવા બાબતે માથાકૂટ થતા હત્યા કરી હોવાની ગુલાબ કાછડીયાએ કબુલાત આપી**

અમરેલી,તા.૦૧

બે દિવસ પહેલા અમરેલી તાલુકાના સરંભડા ગામે ૪૦ વર્ષીય યુવાનો મૃતદેહ એક ઘરમાંથી મળી આવતા પોલીસે હત્યાનો ગૂનો નોંધી તપાસ શરૂ કરી હતી. તપાસના અંતે આ હત્યા તેના જ મિત્ર ગુલાબ કાછડીયાએ કરી હોવાનો ખુલાસો થતા પોલીસે તેની ધરપકડ કરી હતી. સરંભડા ગામે બાવાજી યુવાનની હત્યા થઈ હોવાની તેના વકીલ ભત્રીજાએ અમરેલી તાલુકા પોલીસમાં ફરીયાદ કરતા તાલુકા પોલીસે શંકાના આધારે તેના મિત્ર ગુલાબ કાછડીયાની અટકાયત કરી હતી. જો કે ગુલાબે આ હત્યા કરી હોવાની કબુલાત આપી હતી કબુલાતમાં જણાવ્યું હતું કે, મૃતક રમેશ હરીયાણી અને આરોપી ગુલાબ સાથે જ રહેતા હતા. રસોઈ પણ સાથે બનાવતા હોય અને આરોપી ગુલાબ કપડા પણ પહેરવા માટે આપતો હતો. જો કે પાણી માટે બંને વચ્ચે માથાકૂટ થતા તેની હત્યા કરી નાખી હતી. પોલીસે આરોપી ગુલાબને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે ગુલાબના ત્રણ દિવસના રીમાન્ડ મંજૂર કર્યા છે.

# લાઠીના હરસુરપુર દેવળીયા ગામે ધોકો બતાવી યુવકને ગાળો આપી

**મુંઢ માર મારીને જાનથી મારવાની ધમકી પણ આપી**

લાઠી, તા.૦૧

લાઠીના હરસુરપુર દેવળીયા ગામે યુવકને ધોકો બતાવીને ગાળો આપી હતી. તેમજ મુંઢ માર માર્યો હતો અને જાનથી મારવાની પણ ધમકી આપી હતી. વનરાજભાઈ કિરીટભાઈ ડસુકવાડીયા (ઉ.વ.૨૩)એ ગૌતમભાઈ બોઘાભાઈ સોહલા, મિલનભાઈ બોઘાભાઈ સોહલા, પરેશભાઈ સાજણભાઈ સોહલા તથા ગગજીભાઈ ગોબરભાઈ સોહલા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાના ગામની મેઈન રોડ પર આવેલ દુધની ડેરીએ ઉભા હતા તે સમય દરમિયાન મિલનભાઈ સોહલા ટ્રેક્ટર લઈને જતા હતા. આ સમયે કતરાવા લાગ્યા હતા. જેથી તેની સામે જોતા ટ્રેક્ટર ઉભું રાખી ગાળો આપવા લાગ્યો હતો. તેમણે ગાળો બોલવાની ના પાડતા વાતનું મનદુઃખ રાખી બોલાચાલી કરી ઢીકા વડે મુઢ માર માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. બી. સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

# થોરડી ગામના યુવકનો ઈંગોરાળા ગામ પાસે અકસ્માત થતા ઈજાગ્રસ્ત

સાવરકુંડલા, તા.૦૧

સાવરકુંડલાના થોરડી ગામના યુવકને નાનીધારી ગામથી ઈંગોરાળા ગામ પાસે અકસ્માત નડ્યો હતો. કાર ચાલક ટક્કર મારી ફરાર થઈ ગયો હતો.

આ અંગે જયદીપભાઈ અરવિંદભાઈ દવેરા (ઉ.વ.૨૪) એ જાહેર કર્યા મુજબ, કામના તેઓ તથા સાહેદ ધર્મેશભાઈ દિનેશભાઈ પરમાર મોટર સાયકલ લઈને નાની ધારીથી મોટી ધારી તરફ જવા નીકળ્યા હતા. તે સમયે ઈંગોરાળા ગામથી થોડે દૂર પહોંચતા ફોર વ્હિલરના ચાલકે ગાડી પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી તેમને ટક્કર મારી હતી. જેના કારણે મોટર સાયકલ ખાળીયામાં ઉતરી ગયું હતું. તેમના શરીરે ઈજાઓ પહોચાડી અકસ્માત કરી નાસી છૂટ્યો હતો. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. પી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાંથી ૬, અમરેલી શહેરમાંથી ૭ શકુનીઓને ઝડપી પાડતી પોલીસ

અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લામાં પોલીસે બે સ્થળેથી ૧૩ જુગારીને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી ૩૫ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. રાજુલા મફતપરામાંથી અમરેલી એલસીબી ટીમે અકીલભાઈ નશીબભાઈ કુરેશી, શબ્બીરભાઈ ચાંદભાઈ બ્લોચ, જાહીદભાઈ ઉર્ફે મંત્રી ઈકબાલભાઈ કુરેશી, અહેમદભાઈ ઉર્ફે ફકીરો બાવદીનભાઈ પઠાણ, જાકીરહુસૈન ભીખુભાઈ શેખ તથા કરીમભાઈ ઉર્ફે શોહીલ અલારખભાઈ મેતરને બાવળની કાંટમાં જાહેરમાં ગંજીપત્તાના પાના વડે તીન પત્તીનો પૈસાની હાર જીતનો જુગાર રમતા રોકડ રકમ રૂ. ૧૮,૪૩૦ સાથે ઝડપી પાડ્યા હતા.

અમરેલી, સિટીમાં કુકાવાવ રોડ, ભારતનગર, બસ સ્ટેન્ડની સામે બાવળની કાંટમા જાહેરમાંથી ઈકબાલભાઈ જમાલભાઈ ચૌહાણ, ઈમરાનભાઈ સીરાજભાઈ ચૌહાણ, સલીમભાઈ સીરાજભાઈ ચૌહાણ, ઈરફાનશા અહેમદશા પઠાણ, અલ્ફેજભાઈ જમાલભાઈ પઠાણ, અંજુમભાઈ દાદુભાઈ બ્લોચ તથા સાબીરભાઈ સલીમભાઈ ડાયાતર ગંજીપત્તાનાં પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા રોકડ રકમ રૂા.૧૭,૧૫૦ સાથે ઝડપાયા હતા.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૮૬ | ૧૫૦૧ |
| ઘઉં લોકવન | ૪૬૮ | ૪૭૪ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૬૦ |
| જુવાર સફેદ | ૭૩૦ | ૮૮૦ |
| બાજરી | ૩૭૦ | ૪૫૮ |
| તુવેર | ૧૧૩૬ | ૧૪૫૦ |
| ચણા પીળા | ૧૦૦૦ | ૧૦૭૦ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૨૧૫૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૫૮૬ |
| મગ | ૧૧૦૦ | ૧૬૪૦ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૧૧૫૦ | ૧૮૫૦ |
| રાજમા | ૧૦૦૦ | ૨૧૨૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૦૮૧ |
| મગફળી જીણી | ૯૨૦ | ૧૨૪૦ |
| અળશી | ૯૫૦ | ૯૫૦ |
| તલી | ૧૬૯૦ | ૧૯૨૧ |
| સુરજમુખી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| એરંડા | ૧૧૮૦ | ૧૨૧૫ |
| અજમો | ૧૯૦૦ | ૨૦૫૦ |
| સુવા | ૧૩૦૦ | ૧૬૫૦ |
| સોયાબીન | ૭૪૦ | ૮૭૦ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૦૦ |
| કાળા તલ | ૩૯૦૦ | ૫૩૫૩ |
| લસણ | ૭૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૧૨૨૦ | ૧૭૬૦ |
| ધાણી | ૧૩૪૦ | ૨૧૧૧ |
| વરીયાળી | ૧૦૫૦ | ૧૫૦૦ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૧૫૦ |
| રાય | ૧૦૨૦ | ૧૨૭૦ |
| મેથી | ૮૫૦ | ૧૨૫૦ |
| ઇસબગુલ | ૧૭૦૦ | ૧૯૫૦ |
| અશેરીયો | ૧૨૩૦ | ૧૩૫૬ |
| રાયડો | ૯૮૦ | ૧૦૯૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૬૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૧૨૦૦ | ૨૬૦૦ |
| તરબુચ | ૨૨૦ | ૩૬૦ |
| બટેટા | ૧૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૮૫ | ૨૯૦ |
| ટમેટા | ૬૦ | ૧૮૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૫૦૦ |
| સકરીયા | ૪૦૦ | ૬૦૦ |
| મુળા | ૨૫૦ | ૪૫૦ |
| રીંગણા | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૬૦ | ૧૨૦ |
| ફ્લાવર | ૨૫૦ | ૫૦૦ |
| ભીંડો | ૯૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૧૭૦૦ | ૨૦૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૭૦૦ |
| ટીંડોળા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| દુધી | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૫૦૦ | ૮૦૦ |
| સરગવો | ૧૫૦ | ૪૩૦ |
| તુરીયા | ૭૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૭૫૦ | ૧૦૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૪૫૦ | ૭૦૦ |
| બીટ | ૧૦૦ | ૨૦૦ |
| મેથી | ૧૫૦ | ૩૫૦ |
| વાલ | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૪૫૦ |
| લસણ લીલુ | ૩૦૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૨૦૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૮૦૦ | ૧૫૨૦ |
| શિંગ મઠડી | ૭૦૦ | ૧૦૫૨ |
| ગીરનાર શીંગ | ૧૦૫૮ | ૧૧૦૦ |
| શિંગ મોટી | ૮૪૫ | ૧૦૮૭ |
| શિંગ ફાડા | ૧૧૭૦ | ૧૩૧૨ |
| તલ સફેદ | ૧૫૪૦ | ૨૨૩૨ |
| તલ કાશ્મીરી | ૨૦૩૦ | ૨૧૪૦ |
| જુવાર | ૬૭૨ | ૭૫૭ |
| ઘઉં ટુકડા | ૪૩૨ | ૬૫૧ |
| ઘઉં લોકવન | ૪૦૨ | ૫૧૨ |
| મકાઈ | ૫૫૦ | ૫૫૦ |
| અડદ | ૧૨૫૦ | ૧૨૬૨ |
| ચણા | ૮૨૫ | ૧૦૬૬ |
| ચણા સફેદ | ૯૧૦ | ૧૧૫૫ |
| તુવેર | ૯૯૦ | ૧૩૯૮ |
| એરંડા | ૯૦૦ | ૧૨૦૯ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૨૬૦ |
| રાઈ | ૧૧૦૦ | ૧૧૫૦ |
| ધાણા | ૧૦૪૦ | ૧૫૩૫ |
| ધાણી | ૧૧૩૦ | ૨૧૦૦ |
| અજમા | ૧૩૦૦ | ૨૧૫૨ |
| મેથી | ૬૦૦ | ૯૧૧ |
| સોયાબીન | ૬૭૦ | ૮૨૪ |
| મરચા લાંબા | ૩૦૦ | ૨૧૫૦ |
| દેશી મરચા | ૬૫૦ | ૪૫૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૦ | ૨૭૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૨૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૬૦ | ૧૦૦ |
| શક્કરીયા | ૨૪૦ | ૩૦૦ |
| ટામેટા | ૧૦૦ | ૧૫૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દૂધી | ૧૫૦ | ૩૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| કાકડી | ૧૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૬૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ચોળા લીલાં | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| શક્કરટેટી | ૩૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૦૦ |
| ફુદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૭૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| સરગવો | ૨૦૦ | ૩૦૦ |
| લીમડો મીઠો | ૨૫૦ | ૩૫૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૨૫૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૩૨૦ |
| લસણ લીલુ | ૮૦૦ | ૧૦૦૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૧૪૦૦ |
| મકાઈ | ૧૦૦ | ૨૦૦ |
| લીંબુ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૫૧ | ૧૫૦૧ |
| મગફળી જીણી | ૭૨૧ | ૧૦૫૬ |
| સિંગ ફાડીયા | ૯૦૧ | ૧૨૫૧ |
| એરંડા / એરંડી | ૧૧૧૧ | ૧૨૪૬ |
| ધાણા | ૯૦૦ | ૧૭૫૧ |
| મરચા સૂકા પટ્ટો | ૫૦૧ | ૩૯૦૧ |
| ડુંગળી લાલ | ૮૧ | ૨૭૬ |
| મઠ | ૫૩૧ | ૬૭૧ |
| રાય | ૯૦૦ | ૧૧૦૧ |
| મેથી | ૮૫૧ | ૧૩૧૧ |
| કાંગ | ૫૦૧ | ૭૦૧ |
| મરચા | ૪૦૧ | ૨૦૦૧ |
| મગફળી જાડી | ૭૦૧ | ૧૧૬૧ |
| સફેદ ચણા | ૧૧૦૬ | ૨૨૦૧ |
| ધાણી | ૯૭૬ | ૨૦૫૧ |
| ડુંગળી સફેદ | ૧૩૮ | ૧૮૪ |
| બાજરો | ૪૦૧ | ૫૦૧ |
| જુવાર | ૫૦૧ | ૯૦૧ |
| ચણા | ૯૬૬ | ૧૦૬૧ |
| વાલ | ૬૦૧ | ૧૧૯૧ |
| ચોળા / ચોળી | ૮૫૧ | ૧૯૫૧ |
| સોયાબીન | ૭૦૦ | ૮૪૬ |
| કળથી | ૮૫૧ | ૧૦૭૧ |
| વટાણા | ૧૩૦૦ | ૧૫૦૧ |
| **ગોંડલ(શાકભાજી)** | | |
| ટમેટા | ૫૦ | ૨૦૦ |
| મરચા | ૨૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૨૦ | ૧૨૦ |
| દુધી | ૪૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૮૦ | ૨૦૦ |
| કાકડી | ૪૦ | ૫૦૦ |
| રીંગણા | ૪૦ | ૫૦૦ |
| ભીંડો | ૫૨૦ | ૧૧૦૦ |
| ગલકા | ૧૬૦ | ૬૦૦ |
| ગાજર | ૬૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૮૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૩૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૩૦૦ |
| કેરી કાચી | ૧૬૦ | ૧૨૦૦ |
| બટેટા | ૧૮૦ | ૩૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૨ | ૩ |
| કોથમીર પુરા | ૨ | ૫ |
| ફોદીનો પુરા | ૨ | ૪ |
| કાચા કેળા | ૩૦૦ | ૫૦૦ |
| પચકારુ | ૨૫૦ | ૩૫૦ |
| પરવર | ૬૦૦ | ૧૦૦૦ |
| ગુંદા | ૪૫૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૫૦૦ | ૨૫૦૦ |
| મેથી પુરા | ૧ | ૭ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૬ | ૧૦ |
| ચોરા | ૪૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૪૦૦ | ૮૦૦ |
| વાલોર | ૪૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૩૦૦ |
| આદુ | ૫૦૦ | ૯૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૧૬૦ |
| લસણ પુરા | ૧૦ | ૨૦ |
| પાલક પુરા | ૨ | ૪ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૩૦ | ૧૫૧૮ |
| કપાસ મીડીયમ | ૧૧૪૦ | ૧૩૮૦ |
| મગફળી | ૯૫૦ | ૯૭૦ |
| ચણા | ૧૦૧૪ | ૧૦૫૬ |
| જીરૂ | ૩૫૨૦ | ૪૦૯૦ |
| ઘઉં | ૪૮૮ | ૫૩૧ |
| તુવેર | ૧૨૬૦ | ૧૩૪૦ |
| ધાણા | ૧૪૩૦ | ૧૬૧૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૭૫ | ૧૪૪૦ |
| મગફળી | ૭૦૦ | ૧૦૩૦ |
| ઘઉં લોકવન | ૪૫૨ | ૪૭૬ |
| ઘઉં ટુકડા | ૫૧૬ | ૫૧૬ |
| ચણા | ૧૦૧૦ | ૧૦૩૪ |
| તુવેર | ૧૨૮૫ | ૧૩૩૦ |
| ધાણા | ૧૨૮૦ | ૧૨૮૦ |
| એરંડા | ૧૧૯૨ | ૧૧૯૨ |
| અડદ | ૧૦૪૦ | ૧૧૨૫ |
| સોયાબીન | ૬૧૦ | ૭૭૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૪૬૫ |
| મગફળી | ૯૫૫ | ૯૭૬ |
| ચણા | ૧૦૦૧ | ૧૦૩૬ |
| તુવેર | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ઘઉં | ૪૬૬ | ૪૬૬ |
| સોયાબીન | ૭૫૫ | ૭૫૫ |
| ધાણા | ૧૧૫૧ | ૧૧૫૧ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૦૬૦ | ૧૪૬૬ |
| એરડા | ૧૧૭૭ | ૧૧૮૦ |
| સુવાદાણા | ૭૮૩ | ૭૮૩ |
| **કોડીનાર** | | |
| મગફળી જી૨૦ | ૧૦૦૦ | ૧૦૭૧ |
| મગફળી ૩૨નં | ૯૮૦ | ૧૦૩૧ |
| બાજરી હાઇબ્રીડ | ૪૨૫ | ૫૭૫ |
| ઘઉં | ૪૭૦ | ૫૨૧ |
| રાઇ | ૯૮૦ | ૧૦૨૬ |
| મેથી | ૮૦૦ | ૯૮૬ |
| જુવાર | ૬૫૦ | ૮૪૦ |
| એરડી | ૧૦૪૦ | ૧૧૮૪ |
| ચણા | ૯૪૦ | ૧૦૪૧ |
| સોયાબીન | ૭૪૦ | ૮૩૫ |
| ધાણા | ૧૦૧૦ | ૧૩૪૦ |
| કપાસ | ૧૨૮૦ | ૧૪૨૨ |
| **મહુવા** | | |
| શીંગ ૩૯ | ૯૪૩ | ૧૦૪૨ |
| શીંગ ૩૨ | ૯૩૦ | ૧૦૩૫ |
| શીંગ જી.૨૦ | ૯૭૦ | ૧૦૫૬ |
| એરંડા | ૭૪૦ | ૧૨૨૫ |
| જુવાર | ૩૫૧ | ૮૦૧ |
| બાજરી | ૪૨૧ | ૬૪૩ |
| ઘઉં ટુકડા | ૪૬૧ | ૬૪૨ |
| મકાઈ | ૬૨૨ | ૬૨૨ |
| અડદ | ૬૩૦ | ૮૪૦ |
| ધાણા | ૭૭૭ | ૧૧૨૫ |
| મેથી | ૪૦૦ | ૧૦૩૫ |
| ચણાનં.૩ | ૯૦૦ | ૧૦૫૨ |
| ચણા દેશી | ૧૦૩૮ | ૧૧૬૫ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૧૮૯૦ |
| તલ પુરબીયા | ૨૦૦૦ | ૨૧૮૨ |
| તુવેર | ૮૪૦ | ૧૩૫૬ |
| જીરૂ | ૯૯૯ | ૪૦૫૧ |
| ડુંગળી લાલ | ૧૩૦ | ૨૭૪ |
| ડુંગળી સફેદ | ૧૨૮ | ૨૪૬ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૦૦ | ૧૦૪૦ |
| શીંગ મોટી | ૯૯૫ | ૧૦૫૯ |
| તલ સફેદ | ૧૮૦૦ | --- |
| જીરૂ | ૩૭૦૦ | ૪૨૨૫ |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૮૦ |
| ઘઉ લોકવન | ૪૮૦ | ૫૬૨ |
| ઘઉ ટુકડા | ૫૦૦ | ૬૫૧ |
| બાજરો | ૪૫૦ | ૫૧૧ |
| ચણા | ૧૦૨૦ | ૧૦૭૧ |
| દેશી ચણા | ૧૦૪૦ | ૧૨૫૦ |
| તુવેર | ૧૩૫૦ | ૧૩૫૪ |
| એરડી | ૧૧૦૦ | ૧૧૬૪ |
| મેથી | ૮૦૦ | ૧૧૫૦ |
| રાય/રાયડો | ૯૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૧૩૫૦ | ૧૭૦૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૪૫૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૪૩ |
| ચણા | ૯૦૧ | ૧૦૫૧ |
| તુવેર | ૮૦૧ | ૧૩૯૧ |
| મગફળી | ૭૦૦ | ૧૦૫૬ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૧૫૧ |
| મેથી | ૭૦૧ | ૯૫૧ |
| જીરૂ | ૨૫૦૧ | ૪૧૩૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૦૧ |
| સોયાબીન | ૭૦૦ | ૮૨૬ |
| **જામનગર** | | |
| જુવાર | ૨૦૦ | ૩૭૫ |
| બાજરો | ૩૭૫ | ૫૧૫ |
| ઘઉં | ૩૦૦ | ૫૧૫ |
| મગ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| તુવેર | ૭૦૦ | ૧૪૦૦ |
| વાલ | ૩૦૦ | ૭૦૦ |
| મેથી | ૮૫૦ | ૧૦૦૫ |
| ચણા | ૧૦૪૦ | ૧૦૮૫ |
| ચણા સફેદ | ૧૭૦૦ | ૧૯૫૦ |
| મગફળી જીણી | ૮૫૦ | ૧૧૩૫ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૦૪૦ |
| એરંડા | ૧૦૭૫ | ૧૧૬૨ |
| રાયડો | ૧૦૨૫ | ૧૦૬૭ |
| રાઈ | ૧૦૭૫ | ૧૧૯૦ |
| લસણ | ૪૦૦ | ૧૪૪૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૧૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૧૭૫ |
| અજમો | ૧૨૦૦ | ૨૬૯૦ |
| ધાણા | ૯૦૦ | ૧૫૦૦ |
| ધાણી | ૧૭૦૦ | ૨૦૧૫ |
| ડુંગળી સૂકી | ૮૦ | ૩૩૫ |
| વટાણા | ૧૪૪૦ | ૧૬૦૦ |
| કલોંજી | ૨૫૦૦ | ૩૬૬૫ |

★ ખેડૂતભાઈઓ માટે ★

જીપ્સમ

દહેજ તથા વડોદરાનું મટીરીયલ્સ

લૂઝ ટ્રક લોડીંગ સપ્લાય ચાલુ :

● એક (૧) પ્રતિ ટન જીપ્સમ ભાવ

● એક (૧) પ્રતિ ટન ટ્રાન્સપોર્ટભાડા


તે મુજબ હોમ ડીલીવરી લોડીંગ ૨૫થી ૪૦ ટન સુધી

ઓર્ડર તથા જાણકારી માટે સંપર્ક સુત્ર : મો. ૯૪૨૬૯ ૮૯૫૭૬ પી.બી. ઘાટલીયા

મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી




લાગે તો તીર : - બેરાલાલ ! સેવાના ઘણાં ઘણાં પ્રકાર આવે
06

# યુકે જલિયાંવાલા માટે માફી માગશે ?

યુકે જલિયાંવાલા હત્યાકાંડ માટે માફી માગશે ?

યુકેની રાજધાની લંડનના હેરો ઈસ્ટ મતવિસ્તારના કન્ઝર્વેટિવ સાંસદ બોબ બ્લેકમેને યુકે સરકાર ૧૯૧૯ના જલિયાંવાલા બાગ હત્યાકાંડની વર્ષગાંઠ પર ભારતની માફી માંગે એવી માગણી કરી એ સાથે જ જલિયાંવાલા બાગ હત્યાકાંડ ફરી ચર્ચામાં છે. યુકે સંસદમાં બોલતા બ્લેકમેને ૧૩ એપ્રિલ, ૧૯૧૯ ઘટનાને શરમજનક ગણાવીને કહ્યું કે, જલિયાંવાલા બાગમાં થયેલા ગોળીબારમાં હજારો નિર્દોષ નાગરિકો માર્યા ગયા અને ઘાયલ થયા હતા એ જોતાં યુકેએ માફી માગવી જોઈએ. બ્લેકમેને એમ પણ કહ્યું કે, સંસદમાં મેં જલિયાંવાલા બાગ હત્યાકાંડનો મુદ્દો ઉઠાવીને સરકારને અત્યાચારની વર્ષગાંઠ પહેલા ભારતના લોકોની ઔપચારિક માફી માંગવા કહ્યું છે.

જલિયાંવાલા બાગ હત્યાકાંડ ભારતના આઝાદીની લડતના ઈતિહાસની સૌથી કલંકિત અને હચમચાવી નાંખે એવી ઘટનાએમાંથી એક છે. ૧૩ એપ્રિલ, ૧૯૧૯ના દિવસે જનરલ ડાયરે જલિયાંવાલા બાગમાં શાંત રીતે વિરોધ કરવા એકઠાં થયેલાં લોકો પર ગોળીઓ વરસાવીને ૪૮૪ લોકોના ઢીમ ઢાળી દીધાં હતાં. આ સત્તાવાર આંકડો છે અને અમૃતસરના ડેપ્યુટી કમિશનરના કાર્યાલયમાં ૪૮૪ શહીદોની યાદી છે પણ બિનસત્તાવાર રીતે આ આંકડો મોટો હોઈ શકે છે.

જલિયાંવાલા બાગ હત્યાકાંડ માટે યુકેએ ભારતની માફી માગવી જોઈએ એવી માગણી પહેલાં પણ થતી રહી છે પણ યુકેની સરકારો આ વાતને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાંખે છે. બ્લેકમેનની પોતાની કન્ઝર્વેટિવ પાર્ટીએ પણ કદી માફી માગવાની દરકાર કરી નથી પણ બ્લેકમેન આ મુદ્દો ઉઠાવી રહ્યા છે કેમ કે તેમના મતવિસ્તાર હેરો ઈસ્ટમાં ભારતીય મતદારોની બહુમતી છે અને તેમાં પણ વધારે વસતી હિંદુઓની છે.

બેરો ઈસ્ટ પરંપરાગત રીતે લેબર પાર્ટીનો ગઢ મનાતો પણ બ્લેકમેનના સાંસદ તરીકેના કાર્યકાળ દરમિયાન ભારતીય મતદારો લેબર પાર્ટીને છોડીને કન્ઝર્વેટિવ પાર્ટી તરફ વળ્યા છે કેમ કે બ્લેકમેન નરેન્દ્ર મોદી સહિતના નેતાઓની પ્રશંસા કરે છે. બ્લેકમેને હિંદુવાદીઓને શરણે જઈને પોતાનું વર્ચસ્વ જમાવ્યું છે. આ વર્ચસ્વ ટકાવવા માટે બ્લેકમેને જલિયાંવાલા બાગનો મુદ્દો ઉઠાવ્યો એ કહેવાની જરૂર નથી પણ બ્લેકમેને યોગ્ય મુદ્દો ઉઠાવ્યો છે તેમાં પણ શંકા નથી.

યુકેએ નિર્દોષ લોકોના લોહી વહાવવા બદલ ભારતની માફી માગવી જ જોઈએ.

■■■

બ્રિટને છેલ્લા ત્રણ દાયકામાં ત્રણ વાર અફસોસ અને દુઃખ વ્યક્ત કર્યાં પણ માફી નથી માગી.

બ્રિટનના મહારાણી એલિઝાબેથ બીજાં ૧૯૯૭માં ભારત આવ્યાં ત્યારે તેમણે જલિયાંવાલા બાગ હત્યાકાંડ માટે અફસોસ વ્યક્ત કર્યો હતો. ક્વીન એલિઝાબેથે જલિયાંવાલા બાગની મુલાકાત પણ લીધી હતી. જલિયાંવાલા બાગ જતાં પહેલાં ક્વીને કહેલું કે, આ હત્યાકાંડ ભારત સાથેના અમારા ઈતિહાસનું દુઃખદ ઉદાહરણ છે અને અમને તેનો અફસોસ છે.



બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

બ્રિટનના વડાપ્રધાન ડેવિડ કેમેરૂન ૨૦૧૩માં ભારત આવ્યા ત્યારે જલિયાંવાલા બાગ હત્યાકાંડને ઈતિહાસની સૌથી શરમજનક ઘટના ગણાવી હતી. કેમરૂને અફસોસ વ્યક્ત કરેલો પણ સ્પષ્ટ રીતે માફી નહોતી માંગી.

જલિયાંવાલા બાગ હત્યાકાંડને ૧૦૦ વર્ષ પૂરાં થયાં ત્યારે ૨૦૧૯માં બ્રિટનના વડાપ્રધાન થેરેસા મેએ ૧૯૧૯ના જલિયાંવાલા બાગ હત્યાકાંડ માટે અફસોસ વ્યક્ત કર્યો હતો. થેરેસા મેએ તત્કાલિન બ્રિટિશ શાસન માટે જલિયાંવાલા બાગ હત્યાકાંડને શરમનાક ઘટના ગણાવી હતી પણ આ હત્યાકાંડ માટે માફી નહોતી માંગી.

હાલમાં બ્રિટનમાં સત્તાધારી લેબર પાર્ટી એ વખતે વિરોક્ષ પક્ષમાં હતી. લેબર પાર્ટીએ ભારતમાં બ્રિટિશ શાસન દરમિયાન બનેલી આ ઘટના માટે થેરેસા મે માફી માંગે એવી માગણી કરી હતી.

હવે લેબર પાર્ટી પોતે સત્તામાં છે ત્યારે પોતે યુકેની સરકાર પાસેથી જે અપેક્ષા રાખતી હતી તેનો અમલ કરીને માફી માગે એવી અપેક્ષા વધારે નથી. મોટા ભાગના રાજકારણીઓ બીજાંને જ્ઞાન પિરસવામાં પાવરધા હોય છે પણ પોતે કરવાનું આવે ત્યારે પાણીમાં બેસી જતા હોય છે.

યુકે વડાપ્રધાન કેયર સ્ટેર્મર પોતાને ટીપીકલ રાજકારણી સાબિત કરે છે કે સિધ્ધાંતમાં માનનારા નેતા સાબિત કરે છે એ જોઈએ.

■■■

જલિયાંવાલા બાગ હત્યાકાંડ કેમ થયેલો ?

ગાંધીજી ૨૦૧૫માં દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા પછી તેમણે આઝાદી માટે અહિંસક લડત શરૂ કરી તેને જોરદાર પ્રતિસાદ મળવા લાગ્યો હતો. સામાન્ય લોકો મોટા પ્રમાણમાં આઝાદીની લડતમાં જોડાવા લાગ્યા. આ વિરોધને કચડવા બ્રિટિશ સરકારે ભારતીયોને પકડી પકડીને જેલમાં ધકેલવા માંડ્યા.

પંજાબમાં લાહોર અને અમૃતસરમાં આ આંદોલન વધારે ઉગ્ર હતું. બ્રિટિશ સરકારે પંજાબમાં આંદોલનને કચડી નાંખવા ડો. સત્યપાલ અને સૈફુદ્દીન કિચલુની ધરપકડ કરીને આંદામાનની જેલમાં મોકલી દીધા તેથી લોકો વધારે ભડક્યાં.

લોકો હિંસા પર ઉતરી આવ્યાં.

૧૦ એપ્રિલ, ૧૯૧૯ના રોજ અમૃતસરમાં ડેપ્યુટી કમિશનરના ઘર પર બંને નેતાઓને મુક્ત કરવાની માગણી સાથે હલ્લાબોલ થયું. ભડકેલા લોકોએ ૫ યુરોપીયનોની હત્યા કરી દીધી. બ્રિટિશ સિપાહીઓએ અંધાધૂંધ ગોળીબાર કરીને ૨૦ ભારતીયોને મોતને ઘાટ ઉતારી દીધા. તેના કારણે હિંસા વધારે ભડકી. બ્રિટિશ સરકારે લોકોને કચડી નાખવા માટે પંજાબમાં માર્શલ લૉ લાગુ કરી દીધો.

આ દમનનો વિરોધ કરવા ૧૩ એપ્રિલ, ૧૯૧૯ના રોજ અમૃતસરના જલિયાંવાલા બાગમાં સભા રાખવામાં આવી.

અમૃતસર શહેરમાં કરફ્યુ હોવા છતાં સેંકડો લોકો ઉમટી પડ્યાં. બૈસાખી હોવાથી અમૃતસર ફરવા આવેલાં આસપાસના ગામોના લોકો પણ સભા સ્થળે ઉમટી પડ્યા. બ્રિટિશ લશ્કરના બ્રિગેડીયર જનરલ રેજીનાલ્ડ ડાયરને ખબર પડતાં ૯૦ બ્રિટિશ સૈનિકો સાથે ત્યાં પહોંચી ગયો. ભાષણ કરી રહેલા નેતાઓએ બ્રિટિશ સૈનિકોને અંદર આવતા જોયા પણ લોકોને શાંતિથી બેસી રહેવા કહ્યું.

સૈનિકોએ બાગને ઘેરીને ચેતવણી આપ્યા વગર નિઃશસ્ત્ર લોકો પર ગોળીઓ છોડવા માંડી. ગભરાયેલાં લોકો ભાગવા માંડ્યાં પણ ગોળીઓ છૂટતી રહી. દસ મિનિટ સુધી ગોળીબાર ચાલ્યો. સત્તાવાર રીતે કુલ ૧૬૫૦ રાઉન્ડ ગોળીઓ છોડીને ૪૮૪ લોકોની હત્યા કરાઈ.

જલિયાંવાલા બાગ મકાનો પાછળ આવેલું ખાલી પડેલું એક મેદાન હતું. બાગમાં આવવા-જવા માટે એક માત્ર સાંકડો રસ્તો હતો. ચારે તરફ મકાનો હોવાથી ભાગવા માટે રસ્તો ન હતો. લોકો જીવ બચાવવા મેદાનમાં રહેલા એક માત્ર કૂવામાં કૂદી ગયા ને જોત જોતાંમાં તો કૂવામાં લાશોનો ઢગલો થઈ ગયો હતો. હત્યાકાંડ બાદ કૂવામાંથી ૧૨૦ લાશો કાઢવામાં આવી હતી. કરફ્યુ હોવાથી ઘાયલોને સારવાર માટે પણ ના લઈ જઈ શકાયા ને સંખ્યાબંધ લોકો સારવારના અભાવે તડપીને મરી ગયા.

જનરલ ડાયર હત્યાકાંડ પછી ઠંડા કલેજે સૈનિકોને લઈ જતો રહ્યો.

■■■

હત્યારા જનરલ ડાયરને કશું ના થયું,

બ્રિટનની સંસદના નીચલા ગૃહ હાઉસ ઓફ કોમન્સે જલિયાંવાલા બાગ હત્યાકાંડની નિંદા કરતો ઠરાવ પસાર કરેલો પણ ઉપલા ગૃહ હાઉસ ઓફ લોર્ડ્સે જનરલ ડાયરનાં વખાણ કરતો ઠરાવ કરેલો. હત્યાકાંડની ભારે ટીકા થઈ પછી બ્રિટિશ સરકારે તેની ટીકા કરતો ઠરાવ પસાર કર્યો પણ માફી ના માગી.

ભારે દબાણના કારણે ૧૯૨૦માં જનરલ ડાયરે રાજીનામું આપવું પડયું હતું પણ જનર ડાયરને એ સિવાય કોઈ સજા ના થઈ. જનરલ ડાયર પાછો બ્રિટન જતો રહ્યો ને પોતાના પરિવાર સાથે આરામથી નિવૃત્તિનું જીવન પસાર કર્યું. સેંકડો લોકોનો હત્યારો જનરલ ડાયર ૧૯૨૭માં કુદરતી રીતે ગુજરી ગયો હતો.

જલિયાંવાલા બાગ હત્યાકાંડ આઝાદીની લડતમાં ટર્નિંગ પોઈન્ટ છે.

જલિયાંવાલા બાગ હત્યાકાંડે ભારતમાં અંગ્રેજ શાસન તરફ થઈ રહેલા અત્યાચારો તરફ આખી દુનિયાનું ધ્યાન દોર્યું હતું. અંગ્રેજોએ એ પછી પણ ભારતમાં અત્યાચારો તો કર્યા જ પણ જલિયાંવાલા બાગ પછી અંગ્રેજ અધિકારીઓ મોટી હિંસાથી દૂર રહેવા લાગ્યા.

ભારતમાં પણ લોકોને આઝાદી કેમ જરૂરી છે એ સમજાયું. અંગ્રેજોને હાંકી નહીં કાઢીએ તો આ રીતે જ અંગ્રેજો આપણને ઘેટાં-બકરાંની જેમ વાઢી નાંખશે તેનો લોકોને અહેસાસ થયો તેથી લોકો વધારે પ્રમાણમાં આઝાદીની લડતમાં જોડાયા. જલિયાંવાલા બાગ હત્યાકાંડને કારણે હથિયારો ઉઠાવીને ભારતની આઝાદી માટે લડવાનો મત ધરાવતા નરબંકાઓની ચળવળ પણ ઉગ્ર બની અને ઘણા અંગ્રેજોની હત્યાઓ પણ થઈ.

■ sanjogpurti@gmail.com

# જળ એ જીવન છે - એક સામાજિક ચળવળ..



ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને વૈજ્ઞાનિક ડો. અબ્દુલ કલામ સાહેબ કહેતા હતા કે ત્રીજું વિશ્વયુદ્ધ પાણી માટે થશે. ભૌતિકવાદના સમયગાળા દરમિયાન પાણીનો બેફામ ઉપયોગ થઈ રહ્યો છે. મોજશોખ અને સુખ સુવિધા માટે પાણીનો બિનજરૂરી ઉપયોગ નિરંતર થતો આવ્યો છે. આવા સમયે 'જળ એ જીવન છે' તેને રાષ્ટ્રીય સંપત્તિ સમજી વિવેકથી ઉપયોગ કરવાનો સમય આવી ગયો છે. હમણાં થોડા વર્ષો પહેલા દક્ષિણ આફ્રિકાની રાજધાની કેપટાઉન એ વિશ્વનું પ્રથમ પાણી વિનાનું શહેર જાહેર કરવામાં આવ્યું છે. કારણ કે તેની સરકારે ૧૪ એપ્રિલ, ૨૦૨૩ પછી પાણી પુરું પાડવામાં અસમર્થતા દર્શાવી છે. ત્યાં સ્નાન કરવાની મનાઈ છે. ૧૦ લાખ લોકોના કનેક્શન કાપી નાખવાની તૈયારીઓ ચાલી રહી છે. જે રીતે ભારતમાં પેટ્રોલ પંપ પર જઈને પેટ્રોલ ખરીદવામાં આવે છે, તેવી જ રીતે કેપટાઉનમાં પણ પાણીના ટેન્કર હશે જ્યાં ૨૫ લીટર પાણી મળશે. વધુ પાણી માંગનારા કે પાણીની લૂંટ ચલાવનારાઓ સામે કાર્યવાહી કરવા પોલીસ અને સેનાના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે.



સામાજિક અને શૈક્ષણિક
વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

દુનિયાની આ ગંભીર સમસ્યા આખરે કોઈ દેશ કે રાજ્ય પર આવે તે પૂર્વે જાગૃતિ લાવવી જરૂરી છે માટે પાણીનો સંયમપૂર્વક ઉપયોગ કરો. પાણીનો બગાડ કરવાનું બંધ કરો. આપણે જોયું છે કે લાતુર (મહારાષ્ટ્ર)માં રેલ દ્વારા પાણી મોકલવામાં આવે છે. વિશ્વનું માત્ર ૨.૭% પાણી પીવાલાયક છે. નજીકના તમામ ડેમોમાં પાણીનું સ્તર ઘટવાથી ભૂગર્ભ જળ સ્તર ઊંડું ગયું છે.

એક જવાબદાર નાગરિક તરીકે આપણે પાણીનો બગાડ અટકાવીને પાણીની બચત કરીશું. તમે સરળતાથી કરી શકો છો. :-

૧. રોજરોજ કાર/બાઈક ધોશો નહીં.

૨. આંગણા / સીડી / માળ ધોવાનું ટાળો અથવા ધોવામાં ઓછામાં ઓછા પાણીનો ઉપયોગ કરો.

૩. કપડાં ધોવામાં કરકસરથી પાણીનો ઉપયોગ કરો.

૪. ખેતીમાં ટપક પદ્ધતિ અને ફુવારા પદ્ધતિ દ્વારા પાણી બચાવો.

૫. ઘરમાં લીક થયેલ નળને ઠીક કરો.

૬. ઝાડમાં ડ્રિપ પદ્ધતિથી ઓછામાં ઓછું પાણી આપો.

૭. રસ્તા પર પાણીનો છંટકાવ કરશો નહીં.

૮. પાણીનો પુનઃ ઉપયોગ થાય તેવા આયોજનબદ્ધ કાર્યો કરો.

૯. ચોમાસામાં જળસંચય થાય તે માટે ચેકડેમ, બોરીબંધ, ચોમાસાનું પાણી કૂવામાં ભરીશ અને લોકજાગૃતિ કેળવીશ તેવો સંકલ્પ કરો.

૧૦. ટોયલેટ કે સ્નાન કરવામાં ડોલ ભરીને જ પાણીનો ઉપયોગ કરીશ.

૧૧. બાથટબમાં અને ફુવારા પદ્ધતિથી સ્નાન કરવાનું ઓછું કરી દેવું જોઈએ.


૧૨. શુદ્ધ પાણીમાં ઔદ્યોગિક એકમના પ્રદૂષિત પાણીને પ્રવેશ કરતું અટકાવી પાણી બચાવવા પ્રયત્ન કરવો જોઈએ.

૧૩. ગામડાના તળાવો ચોમાસા દરમિયાન ભરાય અને સચવાય તે માટે પંચાયતની જવાબદારી ફિક્સ કરવી જોઈએ.

ઉનાળા જેવા સમયગાળા દરમિયાન તેમજ આવનારા સમયમાં દુષ્કાળમાંથી બહાર આવવા માટે પાણી બચાવવાનું ફળ મળશે. અનેક અબોલ પ્રાણીઓને પાણી પૂરું પાડીને સેવાકીય પ્રવૃત્તિ કરવાનો અવસર છે. ગાંધીજી સાબરમતી આશ્રમમાં સવારે દાતણ કરવા બેઠા ત્યારે આખી ડોલ ભરીને તેમની જોડે મૂકવામાં આવી. ગાંધીજીએ તેમાંથી ફક્ત એક કળશ ભરીને દાતણ કરી લીધું અને કહ્યું કે આ ડોલમાંથી આટલું જ પાણી વાપરવાનો મારો અધિકાર છે. આ સમયે સાબરમતી આશ્રમના સેવકે કહ્યું કે બાપુ આશ્રમની પાછળ સાબરમતી નદી વહે છે. તેમાં અઢળક પાણી છે ત્યારે બાપુએ તેને બચતની ભાષામાં જવાબ આપ્યો કે કુદરત દ્વારા મળેલા પાણીનો વિવેકથી ઉપયોગ કરવો તે જ કેળવણી છે.

'જળ બચાવો, દેશ બચાવો' આવા વાક્યો બોલવાથી પાણી બચશે નહીં. આ સામાજિક ચળવળની શરૂઆત સ્વયં પોતાથી કરવી પડશે. તો જ રાષ્ટ્રીય સંપત્તિ જળ બચી શકશે. ■ Mo.9825702282

# ગ્રેટ નાટ્યકાર વિલિયમ શેક્સપિયર



વિલિયમ શેક્સપિયર (૧૫૬૪-૧૬૧૬) ને અંગ્રેજી ભાષા અને વિશ્વના પૂર્વ-પ્રખ્યાત નાટ્યકારના મહાન લેખકોમાંના એક તરીકે માનવામાં આવે છે. ઈંગ્લેન્ડના વોરવિશાયર, સ્ટ્રેટફોર્ડ-ઓબ-એવનમાં જન્મેલા, શેક્સપિયરે ઓછામાં ઓછા ૩૮ નાટકો અને ૧૫૪ સોનેટ લખ્યા, તેમના અન્ય કાર્યો પણ રજૂ કર્યા, અભ્યાસ અને વિવેચના પણ કરી.

શેક્સપિયર જ્હોન અને મેરી શેક્સપિયરનું ત્રીજું સંતાન હતો, જેને આઠ બાળકો હતા. તેના પિતા ગ્લોવ ઉત્પાદક અને શહેરમાં અગ્રણી વ્યક્તિ હતા, જે એલ્ડરમેન તરીકે અને પછી બેલિફ તરીકે સેવા આપતા હતા. શેક્સપિયરને સારું શિક્ષણ મળ્યું, પરંતુ યુનિવર્સિટીમાં ભાગ લેવાનો કોઈ રેકોર્ડ નથી. ૧૮ વર્ષની ઉંમરે, તેણે એની હેથવે સાથે લગ્ન કર્યા હતા.

ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા

શેક્સપિયરની પ્રારંભિક કારકિર્દી સારી રીતે દસ્તાવેજી નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે તેણે ૧૫૮૦ ના દાયકાના અંતમાં અને ૧૫૯૦ ના દાયકાના પ્રારંભમાં લંડનમાં અભિનેતા અને નાટ્યકાર તરીકે કામ કર્યું હતું. તે લોર્ડ ચેમ્બરલેઈનનો સભ્ય હતો, જે પાછળથી કિંગ્સ મેન તરીકે ઓળખાતી એક થિયેટર કંપની હતી, અને તે શેરહોલ્ડર અને કંપનીની ભાગ-માલિક બની હતી.

શેક્સપિયરના નાટકો તેમના જટિલ પાત્રો, સમૃદ્ધ ભાષા અને પ્રેમ, શક્તિ અને મૃત્યુ જેવા થીમ્સની શોધખોળ માટે જાણીતા છે. તેમની કૃતિઓમાં રોમિયો અને જુલિયટ, હેમ્લેટ, ઓથેલો, કિંગ લિયર અને મેકબેથ જેવી રચનાઓ સામેલ છે; એ મિડ્સમમર નાઈટ્સ ડ્રીમ, બારમી નાઈટ અને એઝ યુ લાઈક ઈટ જેવી કોમેડીઝ અને હેનરી પાંચ અને રિચાર્ડ III જેવા ઈતિહાસ લખ્યા.

તેમના નાટકો ઉપરાંત, શેક્સપિયરે ૧૫૪ સોનેટ અને અન્ય ઘણી કવિતાઓ લખી. તેમના સોનેટ તેમની સુંદર ભાષા, જટિલ રૂપકો અને પ્રેમ, સુંદરતા અને મૃત્યુ જેવા થીમ્સની શોધખોળ માટે જાણીતા છે.

સાહિત્ય અને કળાઓ પર શેક્સપિયરનો પ્રભાવ અપાર છે. તેમને અંગ્રેજી ભાષાના મહાન લેખકોમાંના એક તરીકે માનવામાં આવે છે, અને તેની કૃતિઓ આજે પણ કરવામાં આવે છે, અભ્યાસ કરાય છે અને પ્રશંસા થાય છે. તેનો પ્રભાવ સાહિત્ય, થિયેટર, ફિલ્મ, સંગીત અને કલામાં જોઈ શકાય છે.

શેક્સપિયરનો વારસો તેના કાર્યોથી આગળ વધે છે. તેમણે અંગ્રેજી ભાષાને મુખ્ય સાહિત્યિક ભાષા તરીકે સ્થાપિત કરવામાં મદદ કરી, અને તેનો પ્રભાવ અંગ્રેજી સાહિત્ય અને થિયેટરના વિકાસમાં જોઈ શકાય છે. તેમણે લંડનમાં તેમની કંપનીના ગ્લોબ થિયેટરના બાંધકામ સાથે, આધુનિક થિયેટરની સ્થાપના કરવામાં પણ મદદ કરી. તેનો પ્રભાવ સાહિત્ય, થિયેટર, ફિલ્મ, સંગીત અને કલામાં જોઈ શકાય છે. તેમને અંગ્રેજી ભાષાના મહાન લેખકોમાંના એક તરીકે માનવામાં આવે છે.

■ naranbaraiya277@gmail.com

# ભોજન શેમાં કેવી રીતે બનાવવું અને કેવી રીતે જમવું તે અંગેની સામાન્ય સમજ



ખાસ તો ઊંધા માટલાને કારણે જ એને ઊંધિયું કહેવાય છે.

- ભેળ ખાવી જોઈએ કે નહીં?

ભેળ શાની બનેલી છે એના આધારે એ ખવાય કે ન ખવાય એ નક્કી થાય. ટામેટા, કાંદા, મમરા, પૂરી, બાફેલા બટેટા, વટાણા, સેવ વગેરે ભેગા કરી કોથમીર, ફુદીનો અને આમલીની ચટણી વાળી ભેળ ખાવામાં કઈ નુકસાન નથી.

સફરજન, કાકડી, ફણગાવેલા કઠોળ, પાપડનો ચૂરો, કાજુ દ્રાક્ષ તથા ખજૂર કોકમની ચટણી વાળી ભેળ લીજ્જતદાર પણ બને અને પૌષ્ટિક પણ બને.

- ગુણકારી શરબતો ના નામ આપો.

લીંબુ, આમળા, કોકમ, ફાલસા, કેરી, વરીયાળી, ગુલાબ, ખસ, વાળો, ફુદીનો, ભીંડી, ધાણા, ખજૂર, કાળી દ્રાક્ષ, આમલી વગેરે શરબતો ગુણકારી છે.

- ચા બનાવવાની સાચી રીત કઈ કહેવાય?

કેટલાક લોકો ચાના પાણીમાં દૂધ નાખતા નથી અને લીંબુ નીચોવીને લીંબુની ચા પીવે છે.

કેટલાક દૂધ, ખાંડ કે અન્ય કશું જ નાખ્યા વગર માત્ર ચાનું પાણી જ પીવે છે.

કેટલાક લોકો ચા, ખાંડ, દૂધ, પાણી, આદું, ફૂદીનો બધું એક સાથે ભેગું કરીને ઉકળવા મૂકે છે. ઉકાળી ઉકાળીને ચા પાકી બનાવે છે. એને રગડો ચા, ચાનો કાઢો, ચાનો ઉકાળો અથવા ચાપાક કહી શકાય.

કેટલાક ચામાં ખાંડને બદલે ગોળ અથવા મધ નાખે છે,

કેટલાક ચામાં લીલી ચા નામે ઓળખાતું ઘાસ પણ નાખે છે આમ વિવિધ પ્રકારે ચા બનાવાય છે.

- કોફી કેફી પીણું ગણાય કે ન ગણાય?

કોફી કેફી પીણું ગણાય.

- ભોજન કરતી વખતે સંગીત શા માટે સાંભળવું જોઈએ? કેવા પ્રકારનું સાંભળવું જોઈએ?

ભોજન કરતી વખતે સંગીત અવશ્ય સાંભળવું જોઈએ. તેનાથી મન શાંત અને પ્રસન્ન રહે છે. આ સંગીત શોક, ક્ષોભ, ગુસ્સો, ઘૃણા, ચંચળતા પેદા કરનારું, જોરશોરથી વાગતું ધમાલીયુ અને ઘોંઘાટિયું ન હોવું જોઈએ. શાંતરસયુક્ત ભક્તિસંગીત હોવું જોઈએ. ભારતીય શાસ્ત્રીય સંગીત હોવું જોઈએ. ધીમુ હોવું જોઈએ. લયબધ્ધ, તાલબધ્ધ, સુંદર મધુર સ્વરોવાળું અને સુંદર અર્થવાળું હોવું જોઈએ.

- મહેમાનને જમાડ્યા પછી દક્ષિણા શા માટે આપવામાં આવે છે?

મહેમાન એટલે અતિથિ. અતિથિને દેવ સમાન ગણવામાં આવે છે. તે આદરણીય હોય છે. તેનો સત્કાર કરવા માટે દક્ષિણા આપવામાં આવે છે. દક્ષિણા હંમેશા દ્રવ્ય રૂપે જ હોય છે. કોઈપણ પ્રકારના દાનની સાથે દ્રવ્યરૂપી દક્ષિણા તો હોય જ છે.

- ભોજન કરવાની સાચી પદ્ધતિ કઈ?


યોગ્ય સમયે ભોજન કરવું,

ભૂખ લાગી હોય તો જ ભોજન કરવું,

- પેટ સાફ થયું હોય તો જ ભોજન કરવું,

સ્નાન કરીને અથવા બહારથી આવ્યા હોય તો હાથ પગ ધોઈને ચોખ્ખા કપડા પહેરીને જ ભોજન કરવું. આસન ઉપર અથવા પાટલા ઉપર પલાઠી વાળીને બેસીને ભોજન કરવું.

ભોજનના થાળને સામે ઊંચા પાટલા ઉપર સ્થાપન કરીને ભોજન કરવું.



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

ભગવાનને ધરાવીને, ગોગ્રાસ કાઢીને પ્રાર્થના કરીને ભોજન કરવું.

રસ લઈને, સ્વાદપૂર્વક ભોજન કરવું.

અભદ્ર અને અશિષ્ઠ વ્યવહાર ન કરતા શિષ્ટ અને સંસ્કારી આચારપૂર્વક ભોજન કરવું.

અકરાંતીયાની પેઠે ન ખાતા શાંતિથી ધીરજપૂર્વક, ચાવી ચાવીને ભોજન કરવું.

ભોજનના પદાર્થોને શાસ્ત્રનુસાર ક્રમ સાચવીને વચ્ચે વચ્ચે થોડુંક જ પાણી પીને ભોજન કરવું.

આજુબાજુ ઢોળ્યા વગર ભોજન કરવું.

થાળીમાં લીધેલું ભોજન પૂરું કરીને કશું જ ન છાંડતા ભોજન કરવું.

અંતે અન્નદાતા સુખી ભવ કહીને ભોજન પૂરું કરવું.

એ ભોજન કરવાની યોગ્ય રીત ગણાય આનાથી ઊલટું બધું અયોગ્ય ગણાય.

hemangidmehta@gmail.com

# બેરાલાલ ! સેવાના ઘણાં ઘણાં પ્રકાર આવે



બેરાલાલ અને બકો ખુશ થતાં થતાં આવ્યાં. આવતાંવેંત જ અભણ અમથાલાલની રગ ખેંચી.

“હેં.., અમથાલાલ. મને સેવા કરવાનાં અભરખા જાગ્યાં છે. હું શું કરું!?? કેવું કામ કરું? અને કોને મળું?”

“બેરાલાલ ! સેવાના ઘણાં ઘણાં પ્રકાર આવે. તમારે ક્યાં પ્રકારની સેવા કરવી છે?”

“લો બોલો, સેવા એટલે સેવા. એમાં વળી પ્રકાર શું હોય? ”

“હોય હોય, બેરાલાલ એમાં ‘ય પ્રકાર હોય. તમારે ધનથી સેવા કરવી છે? મનથી સેવા કરવી છે? કે તનથી સેવા કરવી છે? ”

“તનની સેવા !?? એ વળી કઈ પ્રકારની સેવા?”

“બેરાલાલ તમે પેલાં કાનની સેવા કરાવો. અને પછી બધાં પ્રકારની સેવા કરજો.”

“ના પણ, મને અંદરથી ઉમળકો ઉપડ્યો છે. તો હું સેવાનાં દરિયામાં ઝંપલાવી જ દઉં. પછી કોણ જાણે મન બદલી જાય. અને અંતરઆત્મા કે’ એ પ્રમાણે કરવું પડે. માટે મને જલ્દી સેવાનો રસ્તો બતાવી દો.”



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

“સીધો ને સટ્ રસ્તો બતાવું?”

“હા..હા. તમ તમારે જલેબી જેવો, મીઠો રસ્તો બતાવો.”

“સેવા કરવી હોય તો સૌથી પહેલાં કોઈને નડો માં.”

“અમથાલાલ, સાવ આવું ? અને આ રાજકારણમાં આવે છે. એ બધાં સેવા કરવા જ તો આવે છે. એ કોઈને નડવા આવે છે!??”

“તો..ઓ..ઓ..! મુદ્દાની વાત કહોને કે તમારે રાજકારણમાં પડવું છે.”

“વિચાર તો એવો જ છે. પરંતુ..!”

“જૂઓ.., રાજકારણમાં કિંતુ પરંતુ ના ચાલે. એમાં તો આંખો બંધ કરીને ધૂબાકો જ મારવાનો હોય. લાગે ભાગે લોઈની ધાર. પણ, તમને આમ અચાનક આવી સેવા કરવાનો અભરખો કેમ જાગ્યો?

ચૂંટણી વગરની સેવા તો હરખ પદુડાઈ કેવાય !!”

“એટલે તમે આપણાં વિસાવદરની ખાલી પડેલી વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ નથી છતાંય એક પાર્ટીએ ઉમેદવાર જાહેર કરી દીધો. એને હરખ પદુડાઈ કહો છો!??”

“જૂઓ મારે એની સાથે કોઈ લેવાદેવા નથી. પણ, સામાન્ય રીતે લગ્ન આવે પછી જ ગીત ગવાતાં હોય છે. પણ, તમે કહોને, તમારી શું ગણતરી છે??”

“સેવા તો કરવી જ છે. પણ, મને એક શંકા છે.”

“અરે ભાઈ, આમ અને તેમ જોશો તો આખેઆખું રાજકારણ શંકાના દાયરામાં છે. પણ, તમને શાની શંકા છે?”

“આ રાજકારણમાં સેવા કરવાં આવે છે. એને સેવા કહેવાય? ”

ભઈ, એ તો આગે સે ચલે આતે હૈ. ઔર ઈસીકો સબ લોગ સેવા સેવા બોલતે હૈ.”

“સેવામાં તો સમર્પણ હોય. આજકાલ (ગણ્યાં ગાંઠ્યા)ને છોડીને સમર્પણનો છાંટોય તમને દેખાય છે? છતાંય બધાને કારણ વગરનું રાજકારણ કરવું છે.”

“બેરાલાલ તમે મારાં કરતાં ‘ય વધારે જાણો છો. છતાંય, તમારે આવી સેવા કરવાં જાવું છે? આનું કારણ શું??”

“જૂઓ ભાઈ! તમારે કોઈપણ કામ કરવું હોય. સામે વિરોધ કરવાં વાળાં હોય, હોય, ને હોય જ. પણ ! આ હમણાં જ જૂઓ, સંસદ સભ્યોનો પગાર ચોવીસ ટકા વધી ગયો. વધારવામાં આવ્યો. કોઈએ વિરોધનો વ પણ ઉચ્ચાર્યો નહીં. આવ ભાઈ હરખા, આપણે બેઉં ભાઈ સરખાં. (રીંગણા લઉં બે ચાર ? વાળું )સંસદમાં એક પણ દિવસ હોબાળો કર્યા વગર રહેતાં નથી. સરખી રીતે સંસદ ના હાલવા દેનારાં આ બાબતે એક પાટલીએ બેઠી ગયાં. એટલે મને થયું આવી સેવા કરાય ખરી. મહિને બે લાખને પચ્ચીસ હજાર તો આવે.”

“બેરાલાલ તમને ખબર છે ખરી કે, સંસદ સભ્યોને આ સિવાય શું શું મળે છે?”

“હા..આ..આ..!! જૂઓ.. લિસ્ટ ખૂબ લાંબુ છે. દૈનિક ભથ્થું રૂપિયા ૨૫૦૦/-, પોતાનાં ક્ષેત્રમાં આંટાફેરા કરવાનાં દર મહિને ૭૦૦૦૦/-રૂપિયા, ઓફિસ ખર્ચ ૬૦૦૦૦/- રૂપિયા, દર વર્ષે હવામાં ૩૪ વખત ઉડવાનું, ભાડા વગરનું બીજું ઘર કરી શકો. (આડું અવળું વિચારવાની મનાઈ છે.) અને આવાં ઘરમાં પચાસ હજાર યુનિટ વીજળી ફ્રી પણ મળે બોલો. અને એ.સી.માં રહી રહીને શરદી, તાવ આવે તો મેડિકલ મફત. અને આવી સેવા કરીને ઉતરો અથવા ઉતારી દેવામાં આવે તોય રૂા.૩૧૦૦૦/- પેન્શન મળે. (ભણેલ ગણેલ અને કાયમી પગારદાર નોકરી વાળાને પેન્શન નહીં. અને ઘણાં બધાં અંગુઠા છાપ હોય છતાં રાજકારણીને પેન્શન) આવડી નાની અમથી જાણકારી મને છે. બીજુ તો ઘણું ‘ય હશે. જેમ કે પાંચ દસ રૂપિયામાં હારું ખાવાનું, પીવાનું. (પાણી હોં)”

“ મારો બેટો બેરાલાલ! તને તો ઘણી ‘ય જાણકારી છે. પણ, મને ઈ નથી હમજાતું કે, આવડી અમથી આવકમાં મોટાં ભાગનાં સેવાનાં ભેખધારીઓ કરોડોપતિ કેવી રીતે થાતાં હશે ? પાંચસો હજાર વીઘા જમીન ક્યાંથી આવી જતી હશે ? અને કાળાં ધોળા ધંધામાં ઠેક -ઠેકાણે ભાગ કેમ રખાતો હશે? ડેમ બાંધવાનો કોન્ટ્રાક્ટ કેમ મળી જાતો હશે?

રોડ સસ્તાઓ ગમે એમ ઠોકી બેહાડવાનો પરવાનો કોણ સાહેબ આપી દેતાં હશે ??” “હા પણ, આવડી મોટી ઓળખાણ બધાંને ના પણ હોય.” “તો પછી..! વેચાતાં કોણ રોકે છે. ભારોભાર રૂપિયા મળે. સેવાનાં બદલામાં આ મેવા કાંઈ ઓછાં કહેવાય!??”

“અમથાલાલ,તમે કાંઈ કીધું???”

kalubhaibhad123@gmail.com


# અમે ઈડરિયો ગઢ જીત્યા રે આનંદ ભર્યો...



સાબરકાંઠા જિલ્લામાં આવેલું ઈડર એક તાલુકો છે. અરવલ્લીની ગિરિમાળાઓની વચ્ચે વસેલા ઈડરનું પ્રાચીન નામ ઈલ્વદુર્ગ હતું, જેનો અર્થ ઈલ્વનો કિલ્લો એમ થાય છે, પાછળથી તે અપભ્રંશ થઈને ઈડરના નામે ઓળખાવા લાગ્યું.

સમુદ્રની સપાટીથી સરેરાશ ૧૯૫ મીટર (૬૩૯ ફીટ)ની ઊંચાઈએ આવેલ ઈડર એ એક પર્વત છે, જે પૌરાણિક અને ધાર્મિકકાળથી જાણીતો છે.

ઈડરમાં શિયાળામાં ઓછામાં ઓછું તાપમાન ૯ સે. રહે છે, ઉનાળામાં સૂકી હવા તાપમાનમાં વધારો કરે છે, જેથી ઉનાળામાં મહત્તમ તાપમાન ૫૨ સે. સુધી પહોંચી જાય છે. સામાન્ય રીતે અહીં વિષમ આબોહવા હોય છે.



પ્રવાસનામા
જયસ્વી પટેલ

ઈડરમાં ઘણાં જોવાલાયક સ્થળો આવેલાં છે.

- પવિત્ર ઝરણેશ્વર મહાદેવ મંદિર : ઈડર ગઢના બે-ચાર પગથિયાં ચડતાની સાથે જ ડાબી બાજુએ એક પ્રાકૃતિક ગુફામાં પવિત્ર ઝરણેશ્વર મંદિર આવેલું છે. શિવલિંગ પર કુદરતી રીતે જ મીઠાં ઝરણાં દ્વારા અભિષેક થતો હોવાથી આ સ્થાન ઝરણેશ્વર મહાદેવના નામે ઓળખાય છે. વિશાળ પથ્થરની વચ્ચે નીચે ગુફામાં ઉતરતાં જ શિવલિંગનાં દર્શન થાય છે.


- પાતાળ કુંડ: લોકવાયકા પ્રમાણે કહેવાય છે કે વર્ષો પહેલાં આ પ્રદેશમાં વેણીવચ્છરાજ નામે એક રાજા હતો. જેનો જન્મ ઈલ્વ દુર્ગના ડુંગરોમાં થયો હતો. આજે પણ ઈડરના ગઢ પર વેણીવચ્છરાજ કુંડ હયાત છે. કહેવાય છે કે, વેણીવચ્છરાજની માતા હિમાલયના ગઢવાલ તહેરી પ્રદેશમાં આવેલા શ્રીનગર ગામના રાજાનાં રાણી હતાં. જ્યારે તેઓ ગર્ભવતી હતાં ત્યારે ગરજ નામનો યક્ષરાજ તેમને ઈડરના ડુંગરોમાં લઈ આવ્યો હતો. જેથી વેણીવચ્છરાજનો જન્મ ઈડરમાં થયો. ત્યાર બાદ વેણીવચ્છરાજ મોટો થયો અને અહીં પોતાનું રાજ્ય સ્થાપ્યું અને કેટલાક વર્ષ અહી રાજ કર્યું. દંતકથા પ્રમાણે વેણીવચ્છરાજનો વિવાહ એક નાગકન્યા સાથે થયો હતો.

- ઈડરિયો ગઢ
- રાજ મહેલ
- મહાકાળી મંદિર
- રૂઠી રાણીનું માળિયું
- નવગજા પીરની દરગાહ તેમજ બગીચો
- પુરાતન પંચમુખી મહાદેવ મંદિર
- દિગંબર અને શ્વેતાંબર જૈન દેરાસરો
- હિંગળાજ માતા મંદિર
- વાજરેશ્વરી માતા મંદિર
- જ્વાળા માતા મંદિર
- લાખુંમા તળાવ અને આશ્રમ
- રણમલ ચોકી
- ભુરાબાવાની ગુફા

આ ઉપરાંત ઈડરના ગઢ ઉપર તળાવ, પવન પાવડીઓ, સર્પાકાર પથ્થરો, મહેલ પાસે આવેલો પકોડી આકારનો પથ્થર તેમજ સનસેટ પોઈન્ટ જેવાં સ્થળ આવેલાં છે. અહીં આશરે ૩ કિલોમીટરના અંતરે ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ શ્રીમદ રાજચંદ્રની ભૂમિ તરીકે જાણીતું શ્રીમદ રાજચન્દ્ર વિહાર નામનું દિવ્ય સ્થાન આવેલું છે. શહેરમાં પથ્થરની ગુફાની અંદર ખોખાનાથ, ચંદ્રેશ્વર, મહંકાલેશ્વર, કાકલેશ્વર નામનાં શિવાલયો આવેલાં છે. ખોખનાથ મહાદેવની બિલકુલ નજીક પ્રાચીન કુંડ દર્શનીય સ્થળ છે. શહેરમાં અનેક મંદિર જોવાલાયક છે. ઈડરની ઘાટી ઉતરતાં જ એક પૌરાણિક વાવ આવેલી છે. રાણીના સ્નાન માટે બનાવેલું રાણી તળાવ પણ અહીં છે, જ્યાં હાલ મધ્યમાં જૈન મંદિર બનેલું છે. મંદિરની પાછળ પાંજરાપોળ આવેલી છે. આ ઉપરાંત ઈડરમાં આશરે ૮થી ૧૦ હજાર વર્ષ જૂના શીલાચૈત્રી ગુફાના અવશેષો પણ જોવાલાયક છે. જે સાપવાડા, લાલોડા, ગંભીરપુરામાં આવેલાં છે. શહેરની વચ્ચોવચ આવેલો ટાવર શહેરની શોભામાં અનેકગણો વધારો કરે છે, જે જોવાલાયક છે. ટાવરની બાજુમાંથી જ લાકડાના રમકડાંનું બજાર આવેલું છે, જે ઈડરને આગવી ઓળખ અપાવે છે. ઈડરમાં આવેલા શીલા ઉદ્યાન અને આયુર્વેદ વનની મુલાકાત લેવા જેવી છે. શહેરમાં આવેલી ૧૩૦ વર્ષથી પણ જૂની સર પ્રતાપ હાઈસ્કૂલ જોવાલાયક છે, જ્યાં ઉમાશંકર જોશી તેમજ પન્નાલાલ પટેલ અભ્યાસ કરી ચૂક્યા છે. સદાતપુરામાં આવેલું અરવિંદ ત્રિવેદીનું મકાન, જ્યાં તે અવારનવાર આવતા-જતા હતા. ઈડરિયા ગઢ ડુંગર પાછળ આવેલું કર્ણનાથ મહાદેવનું પૌરાણિક મંદિર અને તેની પાસે આવેલ બાળ-ગંગા નામનું પવિત્ર સ્થળ પણ જોવાલાયક છે. સાથે ગોધમજીમાં સદગુરુનું સ્થાન અને ત્યાંથી સાબલી જઈએ તો ત્યાં મહાકાળી માતાનું ગુફામાં આવેલું મંદિર જોવાલાયક અને દર્શનીય છે.

sanjogpurti@gmail.com

# અલ્લુ ઉંદર



એક હતો અલ્લુ ઉંદર. અલ્લુ બધા ઉંદરો માટે ગુપ્તચર જેવું કામ કરતો. ઘર, ગોદામ, ખેતર બધે ફરી વળે. ગમે ત્યાંથી અનાજનો ખજાનો શોધી કાઢે અને એના સાથી ઉંદરો સુધી અનાજની ખબર પહોંચાડે. જ્યાં જેવી ભાળ મળે એ લોકેશન મોકલી દેતો. કોઈ ખતરો જણાય કે તરત સૌને જાણ પણ કરી દેતો. અનાજના ખજાનાની ભાળ મળતાં જ ચૂં... ચૂં... ચૂં... કરતી ઉંદરસેના તૂટી પડે. બધું કાતરી કાઢે ને ખાઈ જાય. જે દિવસે અલ્લુ કોઈ અનાજની ભાળ મેળવતો એ દિવસે ઉંદરસેના માટે પાર્ટી થઈ જતી. ક્યારેક અલ્લુ ખજાના સુધી પહોંચવા નકશો બનાવતો. અને નકશા વડે ખજાના સુધી શી રીતે પહોંચવું તેની સમજ આપતો.

એક વખત અલ્લુ ઘણાં ઘર ફર્યો. પણ એને અનાજનો એક દાણોય હાથ ન લાગ્યો. ક્યારેક મળે તો દવાની ગંધથી એ પાછો વળી જતો. અલ્લુ પોતાના સાથીદારોને સાવચેત રહેવાની શિખામણ આપતાં કહેતો, “જુઓ ભાઈઓ, આ માણસજાત આપણાથી છૂટકારો મેળવવા અવનવા પેંતરા કરે છે. આપણે ઘણું જ સાવચેત રહેવાનું છે. એમની જાળમાં ફસાઈ ન જવાય એનું ધ્યાન રાખજો. ગઈકાલે જ આપણો એક સાથી લાલ ચટ્ટાક ટામેટું જોઈ લલચાઈ ગયો. પણ જેવું એણે ટામેટું ખાધું એ મોતને ભેટ્યો. અને હા, પેલા સાપ તો આપણા દુશ્મન છે જ. આપણો શિકાર કરવા ક્યાંક લપાઈને ટાંપીને બેઠા જ હશે! અલ્લુએ સૌને ટેકનોલોજીનો ઉપયોગ કરવાની સલાહ પણ આપી.” અલ્લુની શિખામણ સૌને ગળે ઊતરી. સૌએ અલ્લુની વાત માની એ પ્રમાણે વર્તવાનું નક્કી કર્યું.



રે વાર્તા!
મનીષ સુથાર

એક વખત અલ્લુને મોટા અનાજના ગોદામની ભાળ મળી. એણે જરૂરી બધી તપાસ કરી લીધી. બધું બરાબર જણાયું. એણે પોતાના સાથીઓને લોકેશન મોકલી દીધું. લોકેશન મળતાં જ ઉંદરસેના સાવધ થઈ ગઈ. ચૂં... ચૂં... ચૂં... કરતી ઉંદરસેના લોકેશન તરફ નીકળી પડી. પણ અલ્લુ જે જગ્યાએ હતો ત્યાં વધુ સાવધાનીની જરૂર હતી. અહીં ઉંદરસેનાને પકડવા ખાસ વ્યવસ્થા થઈ હતી. અલ્લુને એની જાણ થતાં જ તે સાબદો થઈ ગયો. એણે તરત એના સાથીઓને જાણ કરવા મોબાઈલ કાઢવા પ્રયત્ન કર્યો. પણ આ શું! મોબાઈલ ક્યાંક પડી ગયો હતો. અલ્લુ ચિંતામાં પડ્યો. મારા સાથીઓને જાણ શી રીતે કરવી! હમણાં એ બધાં અહીં પહોંચી જશે. શું કરવું! શું ન કરવું! અલ્લુ વિચારવા લાગ્યો.

અલ્લુ આમતેમ દોડવા લાગ્યો. બહાર નીકળવાનો રસ્તો શોધવા લાગ્યો. પણ ક્યાંય રસ્તો ન જડ્યો. સાવધ પણ રહેવાનું હતું. આખરે ગોદામના છાપરે થઈને બહાર નીકળવા વિચાર્યું. પણ આ રસ્તો ખતરનાક હતો. અલ્લુએ સાહસ કર્યું. ધીરેધીરે એ આગળ વધ્યો ને ઊંચે ચઢ્યો. આખરે એ ઉપર થઈને છેક બહાર પહોંચી ગયો. દોડ્યો, ખુબ દોડ્યો, ઝડપી દોડ્યો. જોયું તો ઉંદરસેના ગોદામ તરફ આગળ વધી રહી હતી. અલ્લુ ઝડપથી ત્યાં પહોંચ્યો અને સૌને રોકયાં. બધાંને ગોદામમાં રહેલા ખતરાથી વાકેફ કર્યા. અલ્લુની વાત સાંભળી ઉંદરસેના પાછી વળી. અલ્લુના સાહસ અને સાવચેતીથી બધાં બચી ગયાં.


Mo 9099172177

● આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ “પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# પ.બંગાળના ૨૪ પરગણા જિલ્લામાં ગેસ સિલિન્ડર ફાટતા ચાર બાળકો સહિત આઠ લોકોના મોત

(એચ.એસ.એલ),કોલકતા,તા.૦૧

પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના પત્થર પ્રતિમામાં સોમવારે રાત્રે એક ભયાનક અકસ્માત થયો. અહીં એક ઘરમાં ગેસ સિલિન્ડરનો જોરદાર વિસ્ફોટ થયો હતો, જેના કારણે આઠ લોકોના મોત થયા હતા. સુંદરબન પોલીસ જિલ્લાના એસપી કોટેશ્વર રાવે જણાવ્યું હતું કે મૃતકોમાં ચાર બાળકો અને બે મહિલાઓનો સમાવેશ થાય છે.




મૃતક કદાચ એક જ પરિવારના હતા. તેમણે એમ પણ કહ્યું કે પત્થર પ્રતિમા બ્લોકના ધોળાઘાટ ગામમાં રાત્રે ૯ વાગ્યે થયેલા વિસ્ફોટમાં એક મહિલા પણ ઘાયલ થઈ હતી. બધા મૃતદેહો મળી આવ્યા છે. પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં એક ઘરમાં થયેલા વિસ્ફોટમાં ઘાયલ થયેલા અન્ય એક વ્યક્તિનું મંગળવારે સવારે મૃત્યુ થયું, જેનાથી મૃત્યુઆંક આઠ થયો, એમ પોલીસે જણાવ્યું. તેમણે જણાવ્યું હતું કે સોમવારે રાત્રે પત્થર પ્રતિમાના ધોલાહાટ ખાતે એક ઘરમાં ગેસ સિલિન્ડર વિસ્ફોટમાં ચાર બાળકો સહિત સાત લોકોના મોત થયા હતા. "સુતાપા જાના લગભગ ૭૫ ટકા બળી ગઈ હતી અને આજે સવારે કોલકાતાની એસએસકેએમ હોસ્પિટલમાં તેનું મૃત્યુ થયું," એક પોલીસ અધિકારીએ જણાવ્યું.

# ભારતને નવો ઝટકો આપવાની તૈયારીમાં ટ્રમ્પ, કૃષિ ઉત્પાદનો પર ૧૦૦ ટકા ટેક્સની ધમકી

અમેરીકા, તા.૦૧

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કૃષિ ટેરિફ પર ભારતને ધમકી આપી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે ભારત અમેરિકાના કૃષિ ઉત્પાદનો પર ૧૦૦ ટકા ટેરિફ લગાવે છે. હવે ટ્રમ્પે બીજા નવા ટેરિફની ધમકી આપી છે. ટ્રમ્પે કહ્યું હતું કે ભારત અમેરિકાના કૃષિ ઉત્પાદનો પર ૧૦૦ ટકા ટેરિફ લગાવે છે અને અન્ય દેશો દ્વારા લગાવવામાં આવતા ઊંચા ટેરિફના કારણે અમેરિકાના ઉત્પાદનોને તે



દેશોમાં નિકાસ કરવાનું લગભગ અશક્ય બનાવી શકે છે. અમેરિકાના રાષ્ટ્રપતિએ વારંવાર ભારત અને અન્ય દેશો દ્વારા અમેરિકન ચીજવસ્તુઓ પર લગવવામાં આવેલા ઊંચા ટેરિફની ટીકા કરી છે. ટ્રમ્પ ૨ એપ્રિલથી પારસ્પરિક ટેરિફ લાદવાનું શરૂ કરવાની યોજના ધરાવે છે, જે તેમના મતે અમેરિકા માટે મુક્તિ દિવસ હશે. કેરોલિન લેવિટે કહ્યું કે ઘણા દેશો આપણા પર ખોટો ટેક્સ લગાવે છે. અમેરિકાની ડેરી પર યુરોપિયન યુનિયન તરફથી ૫૦ ટકા (ટેરિફ) અને અમેરિકાના ચોખા પર જાપાન તરફથી ૭૦૦ ટકા ટેરિફ લગાવે છે. ભારતમાંથી આવતા અમેરિકી કૃષિ ઉત્પાદનો પર ૧૦૦ ટકા અને કેનેડાથી આવતા

**અમેરિકા આવતીકાલથી લગાવશે પારસ્પરિક ટેરિફ**

અમેરિકાના માખણ અને પનીર પર લગભગ ૩૦૦ ટકા ટેરિફ છે. તેમણે કહ્યું કે આના કારણે આ બજારોમાં અમેરિકન ઉત્પાદનોની આયાત કરવી લગભગ અશક્ય બની જાય છે અને છેલ્લા કેટલાક દાયકાઓમાં ઘણા અમેરિકનો વ્યવસાયથી બહાર અને બેરોજગાર થઈ ગયા છે.

# અમિત શાહ ૪-૫ એપ્રિલે છત્તીસગઢની મુલાકાત લેશે, નક્સલ વિરોધી કામગીરીની સમીક્ષા કરશે

નવીદિલ્હી, તા.૦૧

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૪ અને ૫ એપ્રિલે છત્તીસગઢની મુલાકાત લેશે અને રાજ્યમાં નક્સલ વિરોધી કામગીરીનો અભ્યાસ કરશે. શાહ ૭ અને ૮ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરની સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે પણ મુલાકાત લઈ શકે છે. છત્તીસગઢની મુલાકાત દરમિયાન, શાહ એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરશે અને ચાલુ કામગીરીની સમીક્ષા કરશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. ગૃહમંત્રીએ દેશમાં નક્સલવાદી સમસ્યાનો અંત લાવવા માટે ૩૧ માર્ચ, ૨૦૨૬નું લક્ષ્ય રાખ્યું છે. તેમણે વારંવાર માઓવાદીઓને શરણાગતિ સ્વીકારવા અને મુખ્ય પ્રવાહમાં જોડાવા અપીલ કરી છે અને ખાતરી આપી છે કે સરકાર તેમનું યોગ્ય રીતે પુનર્વસન કરશે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા સંકલિત કરાયેલા આંકડા મુજબ, આ વર્ષે છત્તીસગઢમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧૩૦ નક્સલવાદીઓ એન્કાઉન્ટરમાં માર્યા ગયા છે.

# શેર માર્કેટ ફરી કડડભૂસ : સેન્સેક્સ ૧ ૩૯૦ પોઈન્ટ ઘટતા રોકાણકારોએ કરોડો ગુમાવ્યા

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૦૧

ભારતીય શેરબજારમાં સુધારાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. થોડા સમયના વધારા પછી, આજે બજાર ફરી તૂટી પડ્યું. બીએસઈ સેન્સેક્સ ૧૩૯૦.૪૧ પોઈન્ટ ઘટીને ૭૬,૦૨૪.૫૧ પર બંધ થયો. એ જ રીતે, એનએસઈ નિફ્ટી પણ ૩૫૩.૬૫ પોઈન્ટ ઘટીને ૨૩,૧૬૫.૭૦ પોઈન્ટ પર બંધ થયો. આજે બજારમાં ચારે બાજુ વેચવાલી હતી. બજારમાં ભારે



ઘટાડાને કારણે આજે રોકાણકારોના કરોડો રૂપિયાનું નુકસાન થયું. હકીકતમાં, ૨૮ માર્ચે જ્યારે બજાર બંધ થયું ત્યારે બીએસઈ પર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ ૪,૧૨,૮૭,૬૪૬ કરોડ રૂપિયા હતું. આજના વેચાણમાં, માર્કેટ કેપ ઘટીને રૂ. ૪,૦૯,૬૪,૮૨૧.૬૫ લાખ કરોડ થઈ ગયું. આ રીતે, આજે રોકાણકારોએ ૩.૪૯ લાખ કરોડ રૂપિયા ગુમાવ્યા. હવે પ્રશ્ન એ થાય છે કે બજારમાં આટલો મોટો ઘટાડો કેમ થયો ? ટ્રમ્પના ટેરિફનો ડરઃ શેરબજારના રોકાણકારો યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવનાર ટેરિફથી ડરી રહ્યા છે. ટ્રમ્પે જાહેરાત કરી છે કે તેઓ ૨ એપ્રિલથી ભારત સહિત ઘણા દેશો પર ટેરિફ વધારશે. આનાથી બજારમાં ભયનું વાતાવરણ સર્જાયું છે. તેની અસર આજે બજારમાં જોવા મળી. બજારમાં વેચાણનું પ્રભુત્વ રહ્યું.

# પાદરી બજિન્દર સિંહને બળાત્કારના કેસમાં આજીવન કેદની સજા ફટકારતી મોહાલી કોર્ટ


મોહાલી,તા.૦૧

મોહાલી કોર્ટે આજે બળાત્કાર કેસમાં સુનાવણી પૂર્ણ કરી અને સ્વ-ઘોષિત પાદરી બજિંદર સિંહને આજીવન કેદની સજા ફટકારી. તમને જણાવી દઈએ કે સજા સંભળાવવામાં આવી ત્યારે પીડિત મહિલા કોર્ટમાં હાજર હતી. ૨૦૧૮ માં મોહાલીના ઝીરકપુરની એક મહિલાએ પાદરી બજિન્દર સિંહ પર તેના પર બળાત્કાર કરવાનો આરોપ લગાવ્યો હતો. સજા સંભળાવતા પહેલા પીડિતાએ મીડિયાને જણાવ્યું કે તે સાત વર્ષ સુધી આ લડાઈ લડી રહી છે. સુનાવણી દરમિયાન, પાદરીના વકીલે દયાની વિનંતી કરી અને કહ્યું કે હવે તે (બજિન્દર સિંહ) સુધારાના માર્ગે છે, પરંતુ કોર્ટે બચાવ પક્ષની દયા અરજી ફગાવી દીધી અને કહ્યું કે પોતાને ધાર્મિક નેતા તરીકે રજૂ કરનાર વ્યક્તિ તેમનામાં શ્રદ્ધા રાખનારા લોકો સામે આવો ગુનો કરી શકે નહીં. ન્યાયાધીશે એમ પણ કહ્યું કે ગુનો માફીપાત્ર નથી અને તેથી તે મૃત્યુ સુધી જેલમાં રહેશે.

# ઝારખંડમાં બે માલગાડીઓ અથડાતા બે લોકો પાયલટ સહિત ૩ લોકોના મોત

(એચ.એસ.એલ), રાંચી, તા.૦૧

ઝારખંડથી મંગળવારે એક મોટી રેલ્વે દુર્ઘટનાના સમાચાર સામે આવ્યા છે. અત્યાર સુધી મળેલી માહિતી અનુસાર, ઝારખંડના સાહિબગંજમાં બે માલગાડીઓ અથડાઈ છે. એક ખાલી માલગાડી કોલસાથી ભરેલી માલગાડી સાથે અથડાઈ ગઈ. આ અકસ્માતમાં બે લોકો પાઈલટ સહિત ત્રણ લોકોના મોતના સમાચાર છે. વાસ્તવમાં, આ



સમગ્ર ઘટના સાહિબગંજ જિલ્લાના બરહેત પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્થિત ફરક્કા-લાલમટિયા એમજીઆર રેલવે લાઈન પર બની હતી. મળતી માહિતી મુજબ, ફરક્કાથી આવી રહેલી ખાલી માલગાડી બરહેત એમટી પર ઉભી હતી ત્યારે લાલમટિયા તરફ જતી કોલસા ભરેલી થ્રુપાસ માલગાડીએ તેને જોરદાર ટક્કર મારી. આ ઘટના સવારે ૩:૩૦ વાગ્યે બની હોવાનું કહેવાય છે. ઝારખંડના સાહિબગંજમાં થયેલા આ ભયાનક રેલ અકસ્માતમાં બે લોકો પાઈલટ સહિત ત્રણ લોકોના દુઃખદ મોત થયા છે. તે જ સમયે, આ અકસ્માતમાં ચારથી પાંચ રેલ્વે કર્મચારીઓ ઘાયલ થયા હોવાનું કહેવાય છે.

# ગુજરાત એસટી બસના ૧૫% ભાડા તો મોંઘા થયા, હવે ખાનગીવાળાનો વારો! મુસાફરોને લાગશે ડબલ ફટકો!

અમદાવાદ, તા.૦૧

ગુજરાતમાં સરકારી એસટી બસોના ભાડામાં તાજેતરમાં થયેલા વધારા બાદ હવે ખાનગી બસ સંચાલકો પણ ભાડા વધારવાની તૈયારીમાં છે. ખાનગી બસ એસોસિએશને ભાડામાં ૧૫ ટકાનો વધારો કરવાની માંગણી કરી છે. એસોસિએશનનું કહેવું છે કે છેલ્લા ચાર વર્ષથી ખાનગી બસોના ભાડામાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી, જ્યારે ટોલટેક્સ અને સરકારી ટેક્સનું ભારણ સતત વધી રહ્યું છે. અમદાવાદ શહેર ટ્રાવેલ્સ એસોસિએશનના પ્રમુખ મોહન રબારીએ જણાવ્યું હતું કે સરકારે વર્ષ ૨૦૨૩માં એસટી બસોના ભાડામાં ૨૫ ટકા અને હવે ફરીથી ૧૦ ટકાનો વધારો કર્યો છે. તેમની માંગણી છે કે ખાનગી ટ્રાવેલ્સને પણ આર્થિક રીતે ટકી રહેવા માટે ભાડામાં વધારો કરવાની મંજૂરી મળવી જોઈએ. તેમણે દાવો કર્યો હતો કે એક ખાનગી લક્ઝરી બસ પર વાર્ષિક રૂ. ૩૯,૬૦૦ જેટલો રોડ ટેક્સ લાગે છે, જે તેમના માટે મોટું આર્થિક ભારણ છે. ટોલટેક્સ અને સરકારી ટેક્સનું વધતું જતું ભારણ ખાનગી બસ સંચાલકો માટે મુશ્કેલી ઊભી કરી રહ્યું છે. આ તમામ કારણોસર એસોસિએશને ભાડામાં ૧૫ ટકાનો વધારો આપવાની માંગણી કરી છે. મોહન રબારીએ વધુમાં જણાવ્યું હતું કે આ અંગે આગામી ૭ એપ્રિલના રોજ સરકાર સાથે બેઠક યોજાશે. જો સરકાર ટેક્સમાં રાહત આપે તો મુસાફરો પર ભાડા વધારાનો બોજો નહીં પડે. નોંધનીય છે કે, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા મુસાફરોના ભાડામાં ૧૦ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો. આ વધારો તારીખ ૨૯ માર્ચ ૨૦૨૫ની મધ્યરાત્રીથી અમલમાં આવ્યો હતો.

# ગોંડલ માર્કેટિંગ યાર્ડ ૬ દિવસની રજા પૂર્ણ થતાં વિવિધ જણસીની આવકથી ઊભરાયું

ગોંડલ, તા.૦૧

સૌરાષ્ટ્ર અને ગુજરાતનું મોખરાનું ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં વિવિધ જણસીઓની વિપુલ પ્રમાણમાં આવકને લઈને અગ્ર સ્થાન ધરાવે છે. ૬ દિવસ માર્ચ એન્ડિંગની રજાઓ પૂર્ણ થતાં વિવિધ જણસીની આવક શરૂ કરાતા માર્કેટીંગ યાર્ડ ઉભરાયું હતું. યાર્ડમાં બે દિવસ પહેલાથી આવક શરૂ કરવામાં આવી હતી. યાર્ડ બાજુમાં આવેલ જગ્યામાં વાહનોના થપ્પા લાગી ગયા હતા. જેમાં ધાણા, ઘઉં, ડુંગળી, કપાસ, લસણ સહિતની જણસીની વિપુલ પ્રમાણમાં આવક



નોંધાતા યાર્ડના ગ્રાઉન્ડ અને છાપરા જણસીથી ખીચોખીચ ભરાયા હતા. ગોંડલ માર્કેટિંગ યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે, યાર્ડમાં માર્ચ એન્ડિંગની રજાઓ અને હિસાબી વર્ષ પૂર્ણ થતાં તમામ જણસીની આવક શરૂ કરવામાં આવી હતી. એક જ દિવસમાં ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ૨.૨૫ લાખથી વધુ ગુણી ધાણા તેમજ ઘઉંના ૭૫ હજારથી વધુ કટ્ટાની આવક નોંધાઈ હતી.

# પહેલીવાર સોનું ૯૧ હજારની નજીક પહોંચ્યું, એક કિલો ચાંદીના ભાવમાં ઘટાડો નોંધાયો

નવીદિલ્હી,તા.૦૧

સોનુ પહેલીવાર રૂ.૯૧,૦૦૦ નજીક પહોચ્યું છે. આમ ૯૧ દિવસમાં સોનાનો ભાવ રૂ. ૧૪,૮૦૪ વધ્યો છે. તે સિવાય આ વર્ષે સોનાનો ભાવ ૯૪ હજાર સુધી જાય તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે. આજે એટલે કે ૧ એપ્રિલના રોજ સોનાએ સર્વકાલીન ઉચ્ચતમ સ્તર બનાવ્યું છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન અનુસાર, ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૧,૮૦૨ રૂપિયા વધીને ૯૦,૯૬૬ રૂપિયાના સર્વકાલીન ઉચ્ચતમ સ્તર પર પહોંચી ગયો છે. અગાઉ સોનું ૮૯,૧૬૪ રૂપિયા પર હતું. જોકે, આજે ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. એક કિલો ચાંદીનો ભાવ ૧,૦૬૦ રૂપિયા ઘટીને ૯૯,૮૩૨ રૂપિયા થયો છે. અગાઉ ચાંદીનો ભાવ ૧,૦૦,૮૯૨ પ્રતિ કિલો હતો.

# ગાઝામાં ઈઝરાયલી સૈનિકોએ ૧૫ પેલેસ્ટિનિયન ડોકટરોની હત્યા કરી

(એચ.એસ.એલ),યુએન,તા.૦૧

સંયુક્ત રાષ્ટ્ર (યુએન) એ ઈઝરાયલી સૈનિકો પર દક્ષિણ ગાઝામાં ૧૫ પેલેસ્ટિનિયન ડોકટરોની હત્યા કરવાનો આરોપ મૂક્યો. યુએનએ દાવો કર્યો હતો કે બધા ડોકટરોની હત્યા કરવામાં આવી હતી અને તેમને સામૂહિક કબરમાં દફનાવવામાં આવ્યા હતા, જ્યાં ક્ષતિગ્રસ્ત એમ્બ્યુલન્સ પણ મળી



આવી હતી. એવો આરોપ છે કે ઈઝરાયલી લશ્કરી બુલડોઝરોએ ડોકટરો અને એમ્બ્યુલન્સના મૃતદેહને કચડી નાખ્યા હતા. સંયુક્ત રાષ્ટ્રનું કહેવું છે કે ૧૮ મહિના પહેલા ગાઝામાં યુદ્ધ શરૂ થયું ત્યારથી, ઈઝરાયલે ૧૦૦ થી વધુ નાગરિક સંરક્ષણ કર્મચારીઓ અને ૧,૦૦૦ થી વધુ આરોગ્ય કર્મચારીઓને મારી નાખ્યા છે.

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૬૯/૨૦૨૫ — તા.૨૯/૦૩/૨૦૨૫

અરજદારશ્રીઃ- .. ૧. રામભાઈ ધીરૂભાઈ અમરેલીયા
રહે. પીઠવડી તા.સાવરકુંડલા જી. અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ-........ ૧.તલાટી કમ મંત્રીશ્રી પીઠવડી, તા. સાવરકુંડલા જી. અમરેલી, તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર **અનીરૂધ્ધ રામભાઈ અમરેલીયાનો જન્મ તા.૧૫/૧૨/૨૦૦૫** ના રોજ મુ. પીઠવડી, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૦૪/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૯/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી / કેસ. નં.૨૬ / ૨૦૨૫ — તા.૨૦/૦૩/૨૦૨૫

શ્રી ભીમાભાઈ દેવરાજભાઈ સિણવીયા
રહે. હસનાપુર, તા. વિસાવદર, જી. જુનાગઢ, ........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને,
રાઉન્ડ ફોરેસ્ટજરશ્રી - રાજપરા,
રેન્જ ફોરેસ્ટ ઓફીસ, હનુમાનપરા, વિસાવદર તા. વિસાવદર ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી ભીમાભાઈ દેવરાજભાઈ સિણવીયા, રહે. હસનાપુર, તા. વિસાવદરએ તેમના પિતા શ્રી દેવરાજભાઈ કરમશીભાઈ સિણવીયાનુ મરણ તા. ૦૫/૦૨/૧૯૯૧ ના રોજ વિસાવદર તાલુકાના હસનાપુર ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને રાઉન્ડ ફોરેસ્ટરશ્રી- રાજપરા, વિસાવદરના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને રાઉન્ડ ફોરેસ્ટરશ્રી- રાજપરા, વિસાવદરના મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૦ મી માર્ચ ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યુ.

**તૈયાર કરનાર**
**સહી.**
**(પી.વી. શિંગડીયા)**
**નાયબ મામલતદાર**
**વિસાવદર**

**હુકમથી**
**સહી.**
**(એન.બી. લાંઘણોજા)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**વિસાવદર**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૬૧/૨૦૨૫ — તા.૦૧/૦૪/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. દિનેશભાઈ મોહનલાલ આહીર
રહે. ઘાંણલા તા.સાવરકુંડલા જી. અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ-.... ૧. તલાટી કમ મંત્રીશ્રી ઘાંણલા, તા. સાવરકુંડલા જી. અમરેલી, તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર **મલયભાઈ દિનેશભાઈ આહીરનો જન્મ તા.૦૧/૦૮/૨૦૦૫** ના રોજ મુ. ઘાંણલા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૦૪/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નંબર/૯૦/૨૦૨૫

(૧) અરજદાર :- દાણીધારીયા અશ્વિનભાઈ હિંમતભાઈ,
રહે. મોરંગી, તા.રાજુલા. જી. અમરેલી.

<u>વિરૂધ્ધ</u>

(૧) સામાવાળા :- જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી, મોરંગી
તા.રાજુલા. જિ.અમરેલી.

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મોરંગી ગામના **શ્રી દાણીધારીયા અશ્વિનભાઈ હિંમતભાઈ** એ તેમના પુત્ર **શ્રી દાણીધારીયા રીષિ અશ્વિનભાઈ**નો જન્મ તા.૨૧/૦૮/૨૦૦૪ ના રોજ મોરંગી મુકામે થયેલ છે. જે જન્મની નોંધ કરાવવા તેમના વકીલશ્રી જે. સી. ગોસ્વામી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટર કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા-તકરાર રજુ કરવા તથા વાંધા-તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા. <u>૦૧</u> માહે <u>એપ્રીલ</u> સને <u>૨૦૨૫</u> ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કા કરી આપ્યા

**સ્થળ : રાજુલા**
**તા. ૦૧/૦૪/૨૦૨૫**

(કોર્ટનો સિક્કો)

**સહી.**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**રજુલા**

# ગાંધીનગર ખાતે વિરોધ કરી રહેલા વ્યાયામ શિક્ષકોનું પોલીસ સાથે ઘર્ષણ, બેને ઈજા

ગાંધીનગર,તા.૦૧

ગુજરાત રાજ્યના વ્યાયામ શિક્ષકોએ સરકારની ખેલ સહાયક યોજનાનો વિરોધ કરવા ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન શરૂ કર્યુ છે. છેલ્લાં પંદર વર્ષથી વ્યાયામ શિક્ષકોની ભરતી ન થવાના મુદ્દે શિક્ષકોએ ગઈકાલની જેમ આજે પણ યોગ અને અંગ કસરત કરીને અનોખી રીતે વિરોધ નોંધાવ્યો છે. જોકે, પોલીસ સાથે ઘર્ષણ થતાં બે શિક્ષકોને ઈજા પહોંચી હતી. જેથી ૧૦૮માં હોસ્પિટલ ખસેડાયા છે અને અન્ય શિક્ષકોને ખેંચી ખેંચીને વાનમાં બેસાડ્યા છે. આરોગ્ય કર્મચારીઓએ પડતર માંગને લઈને અનોખી રીતે વિરોધ નોંધાવ્યો હતો. આંદોલન અર્થે આવતા કર્મચારીઓની



પોલીસ દ્વારા અટકાયત કરી લેવામાં આવે છે. જેનાં પગલે આજે આરોગ્ય કર્મચારીઓએ પોલીસને જ ગુલાબના ફૂલ આપીને અનોખી રીતે વિરોધ નોંધાવ્યો હતો. આ અંગે મહાસંઘના પ્રમુખ રણજીત સિંહ મોરીએ કહ્યું કે,હરિયાણા, મહારાષ્ટ્ર બાદ પંજાબ આરોગ્ય યુનિયને ગુજરાત આરોગ્ય કર્મચારીના આંદોલનને સમર્થન આપ્યું છે. આજે અચોક્કસ મુદતની હડતાળનો ૧૬મો દિવસ છે.

# અમરેલીમાં હળવા વરસાદની આગાહી વચ્ચે સુર્યનારાયણ આકરા મિજાજે

અમદાવાદ,તા.૦૧

એપ્રિલ મહિનો શરૂ થઈ ચૂક્યો છે, જોકે ગરમીએ એનો અસલી રંગ માર્ચમાં જ બતાવી દીધો હતો. હાલ રાજ્યનાં અનેક શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીએ પહોંચી રહ્યો છે. જેની વચ્ચે હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ કમોસમી વરસાદની પણ આગાહી કરી છે. આજની વાત કરીએ તો હવામાન વિભાગે કચ્છ, પોરબંદર, ભાવનગર અને દીવમાં હીટવેવની



આગાહી કરી છે. જેમાં પોરબંદર જિલ્લામાં ગરમીનું ઓરેન્જ એલર્ટ અને બાકીના જિલ્લાઓમાં ગરમીનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે.સૌરાષ્ટ્ર અને કચ્છમાં આજથી આગામી ૭ એપ્રિલ સુધી ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેશે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં ૩ એપ્રિલથી ૭ એપ્રિલ સુધી ગરમ અને ભેજવાળું વાતવારણ રહેશે. આજે ૧ એપ્રિલ ૨૦૨૫ના રોજ મધ્ય ગુજરાતના વડોદરા, આણંદ, ખેડા, મહીસાગર, પંચમહાલ, દાહોદ અને છોટાઉદેપુર તેમજ દક્ષિણ ગુજરાતના ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલી જ્યારે સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવના છૂટાછવાયા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ તેમજ ઝાપટાંની આગાહી કરવામાં આવી છે.

# અમદાવાદમાંથી પ્રતિબંધિત ઈ-સિગારેટનો જથ્થો ઝડપી પાડતુ સ્ટેટ મોનીટરીંગ સેલ

અમદાવાદ,તા.૦૧

ગુજરાતમાં કેટલીક વાર પ્રતિબંધિત ઈ – સિગારેટનો જથ્થો ઝડપાતો હોય છે. ત્યારે ફરી એક રાજ્યમાંથી ઈ-સિગારેટનો જથ્થો ઝડપાયો છે. ગાંધી રોડ નજીક "અરિહંત ગિફ્ટ એન્ડ કી ચેઈન" શોપમાં સ્ટેટ મોનિટરિંગ સેલે દરોડા પાડીને ૪૮૯ ઈ-સિગારેટ વેપ જપ્ત કર્યા છે. જેની કિંમત ૯ લાખ ૧૧ હજાર રૂપિયા જેટલી છે. ઈ-સિગારેટના જથ્થા સાથે સ્ટેટ મોનિટરિંગ સેલે ૩ આરોપીની ધરપકડ કરી છે. દુકાનમાં ઈ-સિગારેટનું વેચાણ થતું હોવાનું સામે આવ્યું છે. આરોપી મુંબઈથી ઈ સિગારેટનો જથ્થો મગાવ્યો હોવાનું સામે આવ્યું છે. ઈ સિગારેટ મોકલનારા અને મંગાવનારા સહિત ૧૧ આરોપીઓ વોન્ટેડ જાહેર કરાયા છે. સ્ટેટ મોનિટરિંગ સેલે આ કેસની તપાસ કાલુપુર પોલીસને સોંપી છે. મહત્તવનું છે કે ઈ – સિગારેટનો જથ્થો ઝડપાયો છે. ત્યારે ઈ – સિગારેટનો જથ્થો ગિફ્ટની દુકાનમાંથી ઝડપાયો છે. જો કે સ્ટેટ મોનિટરિંગ સેલે દરોડા પાડીને ૪૮૯ ઈ-સિગારેટ જપ્ત કરવામાં આવી છે.

# સુરેન્દ્રનગરમાં સાયલા રોડ પર ખાનગી શાળાની બસ પલટી મારતા ૧૦ વિદ્યાર્થીઓને ઈજા, એકનું મોત

સુરેન્દ્રનગર,તા.૦૧

સુરેન્દ્રનગરનાં સુદામડા ગામમાં ખાનગી શાળાના બાળકોને લઈ જતી સ્કૂલ વાન વાંટાવાચ ગામ પાસે એક પૂરપાટ ઝડપે આવતાં ડમ્પર સાથે અથડતાં દુર્ઘટના સર્જાઈ હતી. આ વાનમાં મુસાફરી કરી રહેલા ૧૦ થી વધુ બાળકો અને ડ્રાઈવર ઈજાગ્રસ્ત થયા હતા અને એક બાળકનું મોત થયું હતું. ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં





સારવાર અર્થે લઈ જવામાં આવ્યાં હતા, તેમજ શાળા અને વાલીઓને ઘટનાની જાણ કરવામાં આવી હતી. રાજયમાં દિવસે ને દિવસે અકસ્માતની સંખ્યમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે સુરેન્દ્રનગરનાં સાયલા તાલુકામાં સુદામડા ગામ પાસે ગઈકાલે દુર્ઘટના સર્જાઈ હતી. સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવેલા કુલ ૬ બાળકોમાંથી ૧ બાળકનું સારવાર દરમિયાન મૃત્યુ થતાં ચકચાર મચી ગઈ હતી. ધોરણ ૮ માં અભ્યાસ કરતા ૧૩ વર્ષના વિદ્યાર્થી રોહિત વાજકાણીના મૃત્યુથી પરિવાર શોકમાં ડૂબી ગયો છે, જ્યારે અન્ય ગંભીર રીતે ઘાયલ બાળકોની સારવાર ચાલુ છે. અકસ્માત બાદ ડમ્પર ચાલક વાહન લઈને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. અકસ્માત સમયે વાંટાવાચ ગામના બસ સ્ટેન્ડ પર હાજર લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ઘાયલ બાળકોને ૧૦૮ એમ્બ્યુલન્સમાં હોસ્પિટલ લઈ ગયા હતા.

# ચોટીલા પંથકમાં ૬૭.૭૩ લાખનો વિસ્ફોટક પદાર્થ જપ્ત

ચોટીલા,તા.૦૧

સુરેન્દ્રનગર જિલ્લામાં ગેરકાયદેસર ખનન અને વિસ્ફોટક પદાર્થોના સંગ્રહ અંગે મળેલી બાતમીના આધારે ચોટીલા નાયબ કલેકટરની આગેવાની હેઠળની ટીમે ચાર અલગ-અલગ સ્થળોએ દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન ચોટીલાના શાસ્ત્રીનગરના અનિરૂધ્ધસિંહ ઝાલા પાસેથી ૧૭.૨૭ લાખનો, રેસ્ટ હાઉસ રોડના ધ્રુવરાજસિંહ જાડેજા પાસેથી બે



અલગ-અલગ સ્થળેથી ૫.૦૭ લાખ અને ૩૬.૫૪ લાખનો તેમજ થાનગઢના પી.ડી.રાવલ પાસેથી ૮.૮૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. કુલ મળીને ૬૭.૭૩ લાખની કિંમતનો વિસ્ફોટક પદાર્થોનો જથ્થો સીઝ કરવામાં આવ્યો છે.

# આરોગ્ય કર્મચારીઓ તાત્કાલીક ફરજ પર આવે તેવી અપીલ કરતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૦૧

રાજ્યમાં આરોગ્ય વિભાગના કર્મચારીઓની હડતાળ ૧૭ માર્ચથી ચાલુ છે .જેનાથી આરોગ્ય સેવાઓ પર ગંભીર અસર પડી રહી છે. રાજ્યની વિવિધ સરકારી હોસ્પિટલોમાં ઓપીડી સેવાઓ, શસ્ત્રક્રિયા અને અન્ય તબીબી સેવાઓ ખોરવાઈ ગઈ છે, જેના કારણે દર્દીઓ અને તેમના પરિવારજનો હાલાકીનો સામનો કરી




રહ્યા છે. આ હડતાળના સંદર્ભમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કર્મચારીઓને તાત્કાલિક ફરજ પર પરત ફરવાની અપીલ કરી છે. જેથી કરીને હોસ્પિટલોમાં દર્દીઓને જે હાલાંકી પડી રહી છે તેનો અંત આવે.

સમગ્ર મામલે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, "આ હડતાળને કારણે સામાન્ય નાગરિકોને તકલીફ પડી રહી છે, જે યોગ્ય નથી. આરોગ્ય કર્મચારીઓએ તરત જ ફરજ પર આવી જવું જોઈએ."તેમણે વધુમાં કહ્યું કે, "હાલ રાજ્યમાં ૧૯,૦૦૦ જેટલા આરોગ્ય કર્મચારીઓ વિવિધ કેડરમાં કામ કરી રહ્યા છે, જેમાંથી ફક્ત ૫,૦૦૦ કર્મચારીઓ હડતાળ પર છે. અમુક કર્મચારીઓ આવતા બે દિવસમાં ફરજ પર પરત ફરશે."

# રાજકોટમાં શેમ્પુ બનાવતી ફેકટરીમાં આગ લાગતા અફરાતફરીનો માહોલ

રાજકોટ,તા.૦૧

રાજકોટમાં વધુ એક ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે. રાજકોટ-અમદાવાદ હાઈવે પર આવેલ રૂડા ટ્રાન્સપોર્ટ વિસ્તારની બાજુમાં આવેલ દિવેલીયા વિસ્તારમાં આવેલી શેમ્પુ બનાવતી ફેકટરીમાં બપોરના ૧૨ વાગ્યે ભીષણ આગ લાગવાની ઘટના બની હતી.ત્યાર બાદ તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરવામાં



આવતા અલગ અલગ ૭ ફાયર ફાઈટરે પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા પ્રયત્ન હાથ ધરવામાં આવ્યા હતા. આમ આગ ૨ કલાકમાં જ ૮૦ ટકા જેટલી કાબૂમાં આવી ગઈ હતી. અંદરના ભાગે કેમિકલ પણ હોવાથી જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ આગમાં બે બાઈક પણ ખાખ થઈ ગયા હતા. બેરલમાં બ્લાસ્ટ થવાથી કેમિકલ ફેક્ટરીમાંથી બહાર રસ્તા પર આવી ગયું હોવાથી રસ્તા ઉપર પણ આગ લાગી હોવાના દ્રશ્યો સામે આવ્યા હતા. જેના પર પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. જોકે, બે વાહનો બળીને ખાખ થઈ ગયા હતા.

# અમદાવાદના તા.૮થી બે દિવસ કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન યોજાશે

અમદાવાદ,તા.૦૧

અમદાવાદના સાબરમતીના તટ પર આગામી ૮ અને ૯ એપ્રિલે અમદાવાદમાં કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન યોજાનાર છે. તેને લઈને કોંગ્રેસ પક્ષ દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે જ કોંગ્રેસમાં ૨૫મી માર્ચથી મિટિંગનો દોર ચાલુ થઈ ગયો છે. આ અધિવેશનમાં સમગ્ર




દેશભરમાંથી ડેલિગેશન ભાગ લેવા માટે આવવાના છે. ત્યારે આ અધિવેશનમાં ભાગ લેવા આવનાર ડેલિગેશનની સુવિધાઓને લઈને ગુજરાત કોંગ્રેસ દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે. કોંગ્રેસના ૮૬માં અધિવેશનમાં ભાગ લેવા માટે ૨૮ રાજ્ય અને ૮ કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી ૧૪૦૦ જેટલા ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના ડેલિગેટ્સ અને ૪૪૦ જેટલા કો-ઓપ્ટના સભ્ય એમ કુલ મળીને ૧૮૪૦ જેટલા ડેલિગેશનના સભ્યો આવનાર છે.

# સાબરમતી આશ્રમના પુનર્વિકાસના પ્રોજેક્ટ માટે સુપ્રિમકોર્ટની લીલીઝંડી

અમદાવાદ,તા.૦૧


સુપ્રીમ કોર્ટે મહાત્મા ગાંધીના પ્રપૌત્ર તુષાર ગાંધીની અરજી ફગાવી દીધી છે. તેમણે સાબરમતી આશ્રમના પુનર્વિકાસ પ્રોજેક્ટ સામે અપીલ કરી હતી. જસ્ટિસ એમએમ સુંદરેશ અને જસ્ટિસ રાજેશ બિંદલની બેન્ચે જણાવ્યું હતું કે તેઓ અરજી પર સુનાવણી કરશે નહીં કારણ કે અરજી દાખલ કરવામાં બે વર્ષથી વધુ સમયનો વિલંબ થયો છે. આ સાથે સુપ્રીમ કોર્ટે કહ્યું કે કેટલીક બાબતો એવી છે જેમાં આપણે દખલ કરી શકતા નથી. મહાત્મા ગાંધી વતી દાખલ કરાયેલી અપીલમાં ગુજરાત હાઈકોર્ટના ૨૦૨૨ના નિર્ણયને પડકારવામાં આવ્યો હતો. હાઈકોર્ટે સાબરમતી આશ્રમના પુનર્વિકાસ પ્રોજેક્ટને સમર્થન આપ્યું હતું. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે ૧૨૦૦ કરોડનો આ પ્રોજેક્ટ આશ્રમની સાદગીનો નાશ કરશે. અને તેને ગાંધીવાદી મૂલ્યોથી દૂર રાજ્ય-નિયંત્રિત સ્મારકમાં ફેરવી દેશે.

# જામનગરમાં દેહવ્યાપાર માટે નવતર પધ્ધતિ ટ્રાવેલર બસમાં એસી, પલંગની સુવિધા

**આરોપી નિવૃત પોલીસ અધિકારીનો પુત્ર હોવાનું સામે આવ્યું**

જામનગર,તા.૦૧

જામનગરના રણજીતનગર વિસ્તારમાં નિવૃત્ત પોલીસ અધિકારીના પુત્રએ દેહવ્યાપાર માટે નવતર પદ્ધતિ અપનાવી હતી. આરોપી અશોકસિંહ પ્રવીણસિંહ ઝાલાએ મીની ટ્રાવેલર બસમાં જ એસી, પલંગ સહિતની સુવિધા ઉભી કરી દેહવ્યાપારનું કેન્દ્ર ઊભું કર્યું હતું. બહારના રાજ્યમાંથી યુવતી બોલાવી ગ્રાહક પાસેથી રૂ.૧ હજાર લેતો હતો.



સમગ્ર મામલે પોલીસે આરોપીને ઝડપી લીધો છે.મળેલી બાતમીના આધારે ગઈકાલે સાંજે સાત વાગ્યે દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન રાજસ્થાનના જોધપુરથી બોલાવેલી યુવતી અને ગ્રાહક હાજર હતા. તેમજ બસમાં એસી, પલંગ અને અન્ય સુવિધાઓ જોવા મળી હતી.







